Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાપાત્ર બુદ્ધ



ધૂમકેતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या..... ४३७७/८८

पञ्जिका संख्या..... ३०५०६

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्ज पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्टाक प्रमाणीकरण १९ - १२ - ९५

ऋते ज्ञानान्न मुक्तिः
पुस्तक सं. ४३ ग
८८
आगत सं. ३०५०४
तिथि
गुरुकुल ग्रन्थालय कांगड़ी

CHE 1973
Initial

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવાન બુદ્ધ

ધૂમકેતુ

૧

રૂપિયો

: પ્રકાશક :

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગાંધી રસ્તો : અમદાવાદ.

૧૯૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[સર્વ હક્ક લેખકને સ્વાધીન]

આવૃત્તિ પહેલી : મે ૧૯૫૬
વૈશાખી પૂર્ણિમા [બુદ્ધ જયંતિ] : ૨૦૧૨

: પ્રકાશક :
શંભુલાલ જગશીભાઈ શાહ : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધી રસ્તો : અમદાવાદ

: મુદ્રક :
ગોવિંદલાલ જગશીભાઈ શાહ : શારદા મુદ્રણાલય
પાનકોર નાકા : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસ્તાવના

બાળા વાંચી શકે અને શિશુઓ બરાબર સમજી શકે, એવું આ એક ભગવાન બુદ્ધનું જીવનચરિત્ર આપ્યું છે.

કારણ કે જીવનચરિત્રો જીવનચરિત્ર ઘડે છે.

આપણા દેશનું એ એક મહાન દુર્ભાગ્ય છે કે એમાં જેને National Character—આપણી પ્રજાકીય ચારિત્ર શક્તિ કહીએ તે ચારિત્ર શક્તિની મોટામાં મોટી ખામી છે. કારણ કે આપણું શિક્ષણ અત્યંત અપંગ છે.

એમાં કાંઈક આપવાના હેતુથી આ લખ્યું છે.

પ્રયત્ન સફળ થશે, તો આની પણ એક 'સીરીઝ' કરવાનો વિચાર તો છે. પણ એ તો જ્યારે થાય ત્યારે—અત્યારે તો આ એક પુસ્તિકા આપી છે. આ પુસ્તિકાનું નામ પહેલાં બાળકોના બુદ્ધ રાખેલું પણ પછી બધા માટેનું વાચન હોઈ, 'ભગવાન બુદ્ધ' રાખ્યું છે.

ખાનપુર
૧૫ મે, ૧૯૫૬

ધૂમકેતુ



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમે જ તમારા પ્રદીપ થાઓ !

'આનંદ! હું હવે અશક્ત થયો છું. વૃદ્ધ થયો છું. મારા પછી સંઘને કોણ દોરશે એવી ચિંતામાં કોઈ ન પડો. તમે જ તમારા પ્રદીપ થાઓ અને તમારો પોતાનો જ આધાર લો. બીજાના ઉપર આધાર ન મૂકનારો, આત્મ-પ્રદીપ બનનારો, મારો જે શિષ્ય હશે, તેનામાં સંઘને દોરવાનું સામર્થ્ય હશે, માટે આત્મપ્રદીપ બનો, આનંદ!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવાન બુદ્ધ

[સારનાથમાં પ્રતિષ્ઠિત પ્રતિમા]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળકોના બુદ્ધ

[ભગવાન તથાગત]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બુદ્ધં શરણું ગચ્છામિ
ધર્મં શરણું ગચ્છામિ
સંઘં શરણું ગચ્છામિ.

જે કોઈના દિલમાં સત્યનો પ્રકાશ મળે છે, તે બીજાને એ પ્રકાશ આપે છે. એટલે પહેલાં 'બુદ્ધં શરણું' એમ કહ્યું. પછી 'ધર્મં શરણું,' અને પછી બધા એક જ દિશાના મુસાફરો છે, માટે 'સંઘં શરણમ્' એમ કહ્યું છે. દર્શક, દર્શન અને દૃષ્ટિ એ ત્રણની આ વાત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જન્મકથા

એક હતો રાજા. એક હતી રાણી. એક હતું નગર. એક હતો દેશ. દેશનું નામ નેપાલ. નગરનું નામ કપિલવસ્તુ. રાણીનું નામ મહામાયા. રાજાનું નામ શુદ્ધોદન.

આજથી અઢી હજાર વર્ષ પહેલાંની આ વાત. નેપાલદેશમાં તે વખતે રાજા શુદ્ધોદન રાજ કરે.

એ શાકયલોકોનો રાજા. શાકય એટલે શક્તિવાળા. શક્તિશાળી. બળવાન. બળવાન લોકોનો એ રાજા. એનું રાજ મોટું. એના લોકો સુખી. લોકો બહાદુર. વળી બધા ભેગા બેસીને સભા ભરે. એ સભા રાજ કરે. રાજા શુદ્ધોદનને પોતાનું રાજ ચક્રવર્તી કરવાનો મનમાં ઉમંગ. રાજાની ઇચ્છા તો એ જ હોય નાં કે હું ક્યારે ચક્રવર્તી થાઉં? ક્યારે મારું રાજ મોટું કરું? ક્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારું નામ કાઢું?

પણ રાજા શુદ્ધોદનના મનમાં રાત દી એક બીજો વિચાર પણ આવે. ચક્રવર્તી થઈને પણ શું? મારી પછી મારો વારસ કોણ? મારું રાજ ચલાવનારો કોણ? મારા વંશવેલામાં કોણ? કોઈ જ નહિ.

રાજાનું મન ખેદ પામે. પોતાને બે રાણી. બન્ને સગી બહેનો. એકનું નામ મહામાયા. બીજીનું નામ મહાપ્રજાપતિ. પણ બેમાંથી એકેને સંતાન મળે નહિ. રાજાનું મન રાત દી શોકમાં રહે. મારી પછી મારા રાજનું શું?

એવામાં રાણી મહામાયાને આશા બંધાણી. દિવસો વીત્યા. એટલે સંતાનનો જન્મ હવે નજીક છે, એ જોઈને રાણી પિયર ચાલ્યાં. એમનું પિયર દેવદહ. દેવદહ અને કપિલવસ્તુ વચ્ચેનો રસ્તો રાજાએ શણગારાવ્યો. સોનેરી પાલખીમાં બેસીને રાણી પિયર ચાલ્યાં. પણ રસ્તામાં જ સંતાનનો જન્મ થયો. જ્યાં જન્મ થયો એ સ્થાનનું નામ લુમ્બિની વન. કોઈને ખબર નથી, મહામાયા પણ જાણતાં નથી, રાજાને પણ માલૂમ નથી, પણ તે દિવસે લુમ્બિનીવનમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે બાળક જન્મ્યો, તે બાળકે આખી દુનિયાને નવો જ પ્રકાશ આપ્યો. નવી જ વાત કહી. નવી જ સૃષ્ટિ બતાવી. એ બાળક, તે જ ભવિષ્યના ભગવાન બુદ્ધ.

લુમ્બિની વનમાં બાળક જન્મ્યો, એટલે રાણી પાછાં કપિલવસ્તુમાં આવ્યાં. પણ સાતમે દિવસે એ તો પોતાના શિશુને એકલો મૂકીને ચાલી નીકળ્યાં. એ મરણ પામ્યાં. બાળકનું રક્ષણ, એની બહેન મહાપ્રજાપતિએ માથે લીધું.

રાજા શુદ્ધોદનના શોકનો પાર નથી. ને આનંદનો પણ પાર નથી. શોકની અને આનંદની આવી પાસે પાસે વહેતી નદીઓ જોઈને, એ વિચાર કરે છે કે, મારો આ પુત્ર કેવો થવાનો હશે? એણે મને આનંદ આપ્યો છે, ને શોક પણ આપ્યો છે. એ ભાગ્યશાળી હશે કે નહિ? એ ચક્રવર્તી થશે કે નહિ?

એ વખતે અસિત મુનિ ત્યાં આવ્યા. મુનિ મહાપવિત્ર અને અગમનિગમના જાણનારા. એનો બોલ, એ જાણે ભવિષ્યનો બોલ. જે બોલે તે પ્રમાણે થાય.

રાજાએ એને માન આપીને પાસે બેસાર્યા. અને પછી એને પૂછ્યું: 'હે મહામુનિ! આ મારો બાળક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેવો થશે એ તમે કહો!'

અસિત મુનિ થોડીવાર તો કાંઈ બોલ્યા નહિ. પછી એણે બાળકને નિહાળીને કહ્યું: 'હે રાજા! આ બાળક ચક્રવર્તી થશે!'

રાજા તો, મુનિની આ વાત સાંભળતાં આનંદ-ઘેલો થઈ ગયો. એને એ જ જોઈતું હતું. એની તો બધી ઈચ્છા જાણે પૂરી થઈ ગઈ. મનની વાત બધી જ સિદ્ધ થઈ ગઈ. તે આનંદમગ્ન થઈ ગયો. ત્યાં મુનિએ કહ્યું:

'પણ એક વાત છે રાજા! એ ચક્રવર્તી તો થશે—પણ કાં એ મહારાજ્ય ફેલાવનારો ચક્રવર્તી થાય, અથવા તો મહાન ધર્મ ફેલાવનારો ચક્રવર્તી થાય. એમાંથી ગમે તે એક થાય.

રાજા શુદ્ધોદન તો વિચારમાં પડી ગયો. એને તો પોતાનો પુત્ર ચક્રવર્તી રાજા થાય એ જ ગમે નાં? પણ અસિતમુનિએ તો બીજી વાત બને, એમ પણ કહ્યું હતું. એ ત્યાગી થાય. મહાન સાધુ થાય. ધર્મ-ચક્રવર્તી પણ થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજાએ એનો ઉપાય મનમાં ગોઠવી કાઢયો.

જુવાન માણસનું મન ત્યાગ તરફ ક્યારે વળે?

એ સાધુ ક્યારે થાય ? જ્યારે એ સંસારમાં દુઃખ જુએ ત્યારે.

રાજા શુદ્ધોદને મનમાં નક્કી કર્યું કે એનો આ વહાલો પુત્ર, દુનિયામાં સુખ ને વૈભવ સિવાય બીજું કાંઈ જ નહિ દેખે. એ દુઃખનો પડછાયો પણ નહિ જુએ. પછી એના મનમાં વૈરાગ્ય આવશે ક્યાંથી? ને એ સાધુ થશે ક્યાંથી ?

એણે તો એનું નામ સિદ્ધાર્થ પાડયું. પોતાની બધી ઇચ્છાઓ આ કુમારના જન્મથી સિદ્ધ થઈ. પૂરી થઈ. સાર્થક બની ગઇ. માટે એનું નામ સિદ્ધાર્થ પાડયું. એકસો આઠ મહા વિદ્વાન બ્રાહ્મણોએ સિદ્ધાર્થ-કુમારનાં લક્ષણો જોઈને એને મહાન ચક્રવર્તી થવાનો યોગ બતાવ્યો.

સિદ્ધાર્થકુમાર મોટો થવા મંડયો. રાજાએ એને માટે નાનપણમાં જ અનેક પ્રકારનાં સુખસાધનોની સગવડો રાખી દીધી. કુમાર સિદ્ધાર્થની હાજરીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખો દિવસ સેંકડો રૂપભરી દાસીઓ ત્યાં ઊભી હોય. એના એક ઇશારે એ જે માગે તે હાજર થાય.

એને માટે શિયાળામાં રહેવાનો મહેલ જુદો. એ મહેલમાં જાણે ભર શિયાળે વસંત ઋતુ પ્રગટી હોય તેવું લાગે. ઉનાળાનો મહેલ જુદો. એમાં ભરઉનાળે ઠંડી લાગે. એમાં વિવિધ પંખીઓ બેઠાં ગાન કરતાં હોય. એમાં સુગંધી જલના ફુવારા ચાલી રહ્યા હોય! વર્ષાઋતુનો મહેલ પણ જુદો.

સિદ્ધાર્થકુમાર તો તે સમયની બધી વિદ્યા પણ શીખવા માંડયો. એ મહાન ધનુર્ધર થયો.

પણ રાજા શુદ્ધોદન તો પોતાના કુમાર સિદ્ધાર્થને હમેશાં ગુલાબી હવામાં જ રાખવા માટે પ્રયત્ન કરે. રાજમહાલયમાં બધો જ વૈભવ ખડો કરે. અનેક રૂપાળા જળકુંડો રચાવે. કોઈમાં લાલ કમળ ખીલ્યાં હોય. કોઇમાં આસમાની કમળ હોય. કોઈમાં ચાંદની જેવાં ધોળાં કમળ ખીલ્યાં હોય. ચંદનની સુગંધી શય્યામાં કુમાર નિદ્રા કરે. એને માટે છેક વારાણસી નગરીથી રેશમી વસ્ત્રો આવે. એના ઉપર સોનેરી રાજછત્ર તો આખો દિવસ હોય જ હોય. વર્ષાઋતુના ચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહિના તો કુમાર પોતાના વર્ષા મહેલમાંથી નીચે પણ ન આવે. ગાનતાન ને પાન ત્યાં ચાલતાં જ હોય!

સિદ્ધાર્થ કુમાર મોટો થયો, ત્યારે એને માટે રૂપવતીમાં રૂપવતી કન્યાની શોધ ચાલી.

શાકય લોકોને રાજાએ સંદેશો મોકલ્યો કે કુમાર સિદ્ધાર્થ હવે સંસાર માંડશે. માટે પોતપોતાની કન્યા સૌ આંહીં રાજમહાલયમાં મોકલો. એમાંથી સૌથી સુંદર કન્યાને કુમાર સાથે પરણાવવામાં આવશે.

પણ આ તો શાકય લોકો. એ મહા શક્તિશાળી હતા. એમણે તો સામેથી પૂછયું. 'કુમારને કઈ કલા વરી છે? કઈ કલા કુમારે સિદ્ધ કરી છે?'

—અને મહાબળવાન ધનુર્ધરને પણ શરમાવે એવા બળથી, જબરજસ્ત ધનુષ ઉપર, જ્યારે સિદ્ધાર્થકુમારે બાણ સંધાન કરી દીધું, ત્યારે તો સૌ મોંમાં આંગળાં નાખી ગયા. સૌને ત્યારે લાગ્યું કે સિદ્ધાર્થ કુમારના નાજુક લાગતા શરીરમાં જેવું તેવું બળ નથી. અને એણે જેવી તેવી ધનુર્વિદ્યા મેળવી નથી.

પણ હજી એક વાતની કોઇને ખબર ન હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ રંગરાગ અને આનંદ-વિનોદમાં સમય ગાળતા, સિદ્ધાર્થકુમારના શરીરમાં, મહાબળવાન એવો એક આત્મા પણ વસી રહ્યો છે.

કોઈને ખબર નથી, એ આત્મા જાગશે, ત્યારે આખી દુનિયાને જગાડી દેશે.

અત્યારે તો એમ ને એમ સિદ્ધાર્થકુમારનું જીવન વીતવા માંડ્યું.

સેંકડો નર્તિકાઓ એમના મહેલમાં નૃત્ય કરે છે. હજારો દાસદાસીઓ એની તહેનાતમાં રાતદિવસ ખડાં છે. ઋતુ ઋતુના આનંદમાં બધાં લીન છે.

સિદ્ધાર્થકુમારને યશોધરા નામે અત્યંત રૂપવતી કન્યા સાથે પરણાવ્યા. આ યશોધરા કે યશોમતી જેવી રૂપવતી હતી, તેવી જ ગુણવાન પણ હતી.

જીવન ચાલતું રહ્યું. નૃત્યાંગનાઓનાં નૃત્યો ચાલતાં રહ્યાં. બધે આનંદ ચાલતો રહ્યો. પણ આ આનંદ-સાગરમાં તરતા સેંકડો માનવીઓમાં માત્ર એક આ સિદ્ધાર્થકુમારના દિલમાંથી વારંવાર એક છાની વાણી જાણે આવે છે. ને એના કાનમાં એને કહે છે:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તું આવ્યો છે, હે કુમાર ! તું આવ્યો છે, આ દુનિયામાં રાજ્યો સ્થાપવા કે ઉથાપવા માટે નહિ. એમને વિશાળ બનાવવા માટે પણ નહિ.

'પણ રાજનું જે રાજ છે, તે રાજ મેળવવા.

'જેને મૃત્યુનો પણ ભય લાગતો નથી, એ અભય આદમી પાસે, રાજ્યો અને દુનિયાઓ, અને વૈભવો અને સંપત્તિઓ હાથ જોડીને ઊભાં રહે છે.

'તું હે કુમાર ! એ અભય મેળવવા ને બધાને અભય આપવા માટે આવ્યો છે.'

પણ રાજાએ તો સિદ્ધાર્થકુમારને એટલા સુખચેનમાં રાખ્યો છે કે વૃદ્ધાવસ્થા એટલે શું, એની એને ખબર જ નથી. માણસ વૃદ્ધ થાય, અશક્ત થાય, ચાલી શકે નહિ, દેખી શકે નહિ, આવી આવી કોઇ વાત એણે સાંભળી નથી. નજરે જોઈ પણ નથી. માણસને માથે મરણ છે, આ દુનિયામાંથી એને જવું પડે છે, એની પણ એને જાણ નથી. એ તો પોતાના મહેલમાં આનંદ કરે છે. ત્યાં રાતદિવસ નૃત્ય અને નાટક ચાલ્યા કરે છે. ત્યાં રૂપરૂપના અંબાર સમી સુંદરીઓ ખડે પગે હાજર રહે છે. ક્યારે દિવસ ઊગે છે, ને ક્યારે દિવસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આથમે છે, એની ત્યાં કોઈ ખબર પણ પડતી નથી. જળના રેલાની માફક સમય ચાલ્યો જાય છે.

એમ ને એમ સોળ વરસ વીતી ગયાં.

એમ કરતાં કરતાં સિદ્ધાર્થકુમારની ઉમ્મર ઓગણત્રીસ વર્ષની થઈ ગઈ. રાજાને પણ મનમાંથી હવે ચિંતા ગઈ. હવે એનો સિદ્ધાર્થકુમાર આ આનંદ મૂકીને ક્યાંય જાશે નહિ. એના દિલને ધરપત વળી. એનો પુત્ર હવે સંસારમાં રહેશે, ને સૌ જીવે છે, તેમ જીવશે. એ રાજા થશે. રાજ કરશે. એ બહાદુર છે. વહેલેમોડે એ ચક્રવર્તી પદ મેળવશે. રાજાની આશાના મિનારા ઊંચા ને ઊંચા થતા ગયા. એનો એકનો એક પુત્ર હવે એને તજીને નહિ જાય, એ વાતની એને મનમાં નિરાંત થઈ ગઈ.

એક દિવસ અચાનક સિદ્ધાર્થકુમારે પોતાના સારથી છન્નને કહ્યું: 'છન્ન! આજ આપણે નગરના ઉદ્યાનમાં ફરવા જઈએ. તું રથ જોડી લાવ'

છન્ન તો મહામૂલ્યવાન રત્નજડિત સોનેરી રથ લઈને આવ્યો. એને ઉત્તમમાં ઉત્તમ ઘોડા જોડયા. રાજાને પણ, પુત્રની આ ઈચ્છાની જાણ થતાં, આખે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસ્તે એણે સુગંધી જળ છંટાવ્યાં. ઠેકાણે ઠેકાણે ઉત્સવ માંડયો. આજે સિદ્ધાર્થકુમાર નગર ઉદ્યાનમાં જવાના છે, એ સાંભળીને નગરજનોએ પણ ધ્વજાપતાકાથી રસ્તાઓ શણગાર્યા.

સિદ્ધાર્થકુમાર નીકળ્યા. શું એનો સુંદર રથ છે? અને શું એના ઘોડા છે? જાણે સૂર્યદેવના સપ્તઅશ્વની સ્પર્ધા કરતા હોય તેવા એ, પાણીના રેલાની માફક ચાલી રહ્યા છે. ને નગરજનો તો એ નિહાળીને આનંદ-ઘેલા થઈ ગયા છે. બધે ઉત્સાહનાં પૂર દેખાય છે.

ધીમે ધીમે રથ ઉદ્યાન તરફ જઈ રહ્યો હતો. સારથી છન્ન લોકોનો આનંદ જોઈ રહ્યો હતો. પણ ત્યાં તો સિદ્ધાર્થકુમારે એને કહ્યું: 'અરે! છન્ન! છન્ન! પેલું શું છે? જો તો, કોણ છે એ?'

સારથી છન્ને, કુમારે બતાવ્યું હતું તે દિશામાં જોયું. અને એ આશ્ચર્યમાં ડૂબી ગયો. ઘડીભર તો ગભરાઈ પણ ગયો. મહારાજ શુદ્ધોદને આખો રસ્તો શણગાર્યો હતો. કોઈ અપંગ, લૂલો, લંગડો, આંધળો, એ રસ્તે નીકળે નહિ એની એણે સંભાળ રખાવી હતી. ભિખારીની કે દુઃખની જરા પણ નિશાની ક્યાંય ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેખાય એની સંભાળ લીધી હતી. અને છતાં એક કેડેથી નમી ગયેલો, કોઈક વૃદ્ધ ડોસો, કોણ જાણે ક્યાંથી ત્યાં ફૂટી નીકળ્યો હતો?

અને પાછો એ કુમારની બરાબર દૃષ્ટિ પડે તેમ ત્યાં ઊભો ઊભો રથને જોતો હતો!

એનું શરીર વાંકું વળી ગયું હતું. દાંત તૂટી ગયા હતા. માથામાં રાખોડી વાળ ને ટાલ હતી. એનું કઢંગું, લગભગ ત્રણ ઠેકાણેથી વળી ગયેલું શરીર, એણે એક વાંકીચૂંકી લાકડીને આધારે ટેકાવ્યું હતું. એની આંખો ઊંડી હતી. જાણે કોઈ મુડદું ઊભું હોય તેમ એ ઊભો હતો. સિદ્ધાર્થ કુમારે આજ દિવસ સુધી આવો કોઈ માણસ જોયો ન હતો. એને નવાઈ લાગી કે એ કોણ હશે? એણે છન્નને પૂછયું: 'છન્ન! એ કોણ છે? માણસ છે? તો એના વાળ આપણા જેવા કેમ નથી? એ વાંકો કેમ ઊભો છે? એની આંખમાં તેજ કેમ નથી? એ કોણ છે છન્ન?'

'મહારાજ! એ આદમી આપણા જેવો જ હતો. પણ ધિક્કાર છે વૃદ્ધાવસ્થાને, એણે એને આવો કરી દીધો!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કોણે આવો કરી દીધો, છન્ન?'

'વૃદ્ધાવસ્થાએ, રાજકુમાર!'

'એ વૃદ્ધાવસ્થા શું છે છન્ન?' સિદ્ધાર્થકુમારે પૂછ્યુ: 'એ ક્યાં રહે છે? એને એ કેમ આવી? આપણને કેમ ન આવી?'

'આપણને પણ એ આવશે, રાજકુમાર!'

સિદ્ધાર્થકુમાર તો એ સાંભળીને વિચારમાં ઊંડો ઊતરી ગયો.

કોઇ મહાકવિ જેમ હિમાલયનું દર્શન કરે, અને એના દિલમાં અચાનક કવિતાની ધારા છૂટે, તેમ સિદ્ધાર્થકુમારના દિલમાં, આ વૃદ્ધાવસ્થાનાં દર્શને, જ્ઞાનની એક ઊંડી સરવાણી પ્રગટી. તેણે છન્નને પૂછ્યું: 'છન્ન! ત્યારે આપણને પણ વૃદ્ધાવસ્થા આવે એમ? આપણે પણ આવા થઈ જઇએ? આ મારા કાળા કેશ શું રાખોડી થઈ જશે? હું પણ શું આમ વાંકો વળી જઈશ?'

પ્રશ્નોની આવી પરંપરા સાંભળીને, છન્ન પણ વિચારમાં પડી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ વધુ કાંઈ બોલી શકયો નહિ. એને થયું કે આ એક ડોસલો આંહીં દેખાયો તે ખોટું થયું છે. એણે તો પછી ત્વરાથી રથને ઉદ્યાનમાં લઈ લીધો. પણ હવે ઉદ્યાનમાં રાજકુમારનું મન ઠર્યું નહિ. રંગબેરંગી પુષ્પોએ એને આનંદ આપ્યો નહિ. સૂરીલાં પંખીનાં ગાન એના કાને સાંભળ્યાં નહિ. એના મનમાં તો સવાલ ઉપર સવાલ થઈ રહ્યા છે. 'વૃદ્ધાવસ્થા આપણને આવે, દરેકને આવે, દરેક જુવાન ગલઢો થાય, દરેક શરીર આવું થાય, તો તો પછી આ બધું થોડા સમય માટે જ છે. અંતે તો બધું જ ફરી જવાનું છે.

'એ શી રીતે ન ફરે? વૃદ્ધાવસ્થા કયાં નહિ હોય?'

રાજકુમારનું દિલ તો જાણે આ એક જ દેખાવે જાગ્રત થઈ ગયું. એનો બધો જ આનંદ ઊડી ગયો. હવે એને બધો આનંદ ખોટો લાગવા મંડયો. એ કેટલા દી? એમ થઇ ગયું. છેવટે શું? એ સવાલ આવીને ઊભો રહ્યો.

છન્ને રથને પાછો રાજમહાલયમાં લીધો. કોઈ વૃદ્ધ આદમી દેખાઈ જતાં, કુમારની આ અવસ્થા થઈ છે, એ સાંભળીને રાજાએ નૃત્યાંગનાઓને એકદમ જ કહ્યું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'નૃત્ય શરૂ કરો. નાટક શરૂ કરો. સંગીતની મહેફિલ જમાવો. વાજિંત્રોના સૂર પ્રગટાવો. હવાને આનંદ-મસ્તીથી ભરી દો.'

પણ હવા, એ તો માણસના મનની છાયા છે. જેવું માણસનું મન, તેવી તેની હવા. સિદ્ધાર્થ કુમાર તો આ આનંદની રસભરી હવામાં પણ હવે તો ક્ષણિકતા દેખે છે. એને રૂપસુંદરીઓને જોઈને થાય છે કે એ પણ પેલા ડોસાની પેઠે વાંકી વળી જવાની!

ત્યારે આંહીં રૂપ ક્યાં છે? આંહીં સ્થિરતા ક્યાં છે? કોઇ વસ્તુ આંહીં હમેશાં ક્યાં રહી શકે છે?

મોટા મોટા પંડિતો, વિદ્વાનો ને મુનિવરો જેના ઉત્તર ન આપી શકે, તેવા તેવા સવાલો સિદ્ધાર્થના દિલમાં ઊભા થવા મંડ્યા. અને એ સવાલો ને એના જવાબો એમાં જ એ પોતે જાણે પોતાને ખોઈ બેઠો. એને હવે ક્યાંય મજા પડતી નથી. ગમતું નથી. કોઈ વસ્તુનું રૂપ એને સાચું લાગતું નથી. એને થઈ ગયું કે એ જુએ છે તે બધું જ ક્ષણિક છે. ખોટું છે. હમેશાં રહેનારું નથી. એક વખત એ ચાલ્યું જનારું છે. આંહીં જે જે છે, તે બધું જ ગપ છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે સત્ય શું ?

કુમારના આ સવાલનો જવાબ કોણ આપી શકે ?

આવા સવાલનો જવાબ તો એણે પોતે જ શોધવો રહ્યો.

પણ એ શોધવા માટે એ ક્યાં જાય ? એને કાંઈ ખબર પડતી નથી, તેમ જીવનમાં ચેન પડતું નથી.

શુદ્ધોદન રાજાએ એના શૂન્ય મનને આનંદ આપવા માટે, વળી ઉદ્યાનમાં ફેરવવાનું નક્કી કર્યું. આ વખતે તો એણે એવો કડક બંદોબસ્ત કરાવ્યો, કે જુવાન, સુંદર ને તંદુરસ્ત માણસ સિવાય, કોઈ રસ્તા ઉપર ફરકે જ નહિ.

સિદ્ધાર્થ કુમારનો રથ ઉદ્યાન તરફ ચાલ્યો. કુમારને બધે જ રૂપાળા, જુવાન, તંદુરસ્ત શાકયલોકો ફરતા દેખાયા. ક્યાંય કોઈ ભિખારી, અપંગ, અંધ વૃદ્ધ, નજરે પડતો નથી.

પણ એટલામાં જ્યાં એનો રથ જઇ રહ્યો હતો ત્યાં, કોણ જાણે ક્યાંથી અચાનક ફૂટી નીકળ્યું હોય તેમ, પડખેને માર્ગેથી કોઇકનું મુડદું લઇને ડાઘુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીકળ્યા !

'અરર !' છન્નના મનમાં અરેરાટી થઇ ગઇ. 'આજ વળી આ કોઇકનું મુડદું કયાંથી દેખાણું ? લોકો રોતા જાય છે. હાથ પગ અફાળતા જાય છે. માથું કૂટતા જાય છે. હમણાં કુમાર પૂછશે કે આ બધું શું છે ? તો હું શું જવાબ આપીશ ?

ત્યાં તો કુમારે પૂછયું : 'છન્ન ! આ લોકો શું કરે છે ? એ કેમ આમ માથાં કૂટે છે ? એક કોઇ માણસને આમાં કેમ સુવાર્યો છે ? લોકો એને કયાં લઇ જાય છે ?'

છન્ન બોલ્યો : 'રાજકુમાર ! આ માણસ મરણ પામ્યો છે. એનામાં હવે જીવ નથી. આ એનું મુડદું છે. લોકો એને બાળવા લઇ જાય છે !'

'બાળવા ? માણસને બાળવા લઇ જાય છે ?'

'એ માણસ નથી, રાજકુમાર ! એ તો મુડદું છે.'

'મુડદું એટલે શું, છન્ન ?'

'મુડદું એટલે, કુમાર ! જયારે માણસ હાલતો, ચાલતો, બોલતો, કામ કરતો બંધ થઈ જાય, ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ માણસનું મુડદું કહેવાય!'

'આ માણસ શું હવે નહિ બોલે?'

'ના કુમાર! એ માણસ બોલી શકે નહિ!'

'હું બોલાવું તો? તો બોલે?'

'મહારાજ! એની સગી મા બોલાવે, તો પણ હવે એ નહિ બોલે. એનામાં જીવ નથી!'

'જીવ નથી? એટલે એ બોલતો નથી?'

'હા, કુમાર!'

'તો આપણું પણ આવું થશે? સહુનું પણ આવું થશે? આવું કેમ થાય છે?'

'એ થાય જ કુમાર! એક દિવસ મને પણ આવું થશે!'

'ને મને?' કુમારે પૂછ્યું.

'ને તમને પણ કુમાર! તમને પણ એવું થશે!'

'પછી શું હું નહિ બોલું?'

'ના. પછી કોઈ ન બોલે. મુડદું ન બોલે!'

રાજકુમારના દિલમાં તો આ દૃશ્યે વળી ભારે પ્રશ્નો ઊભા કર્યા. એને અત્યાર સુધી એમ હતું કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમામ વસ્તુ ક્ષણિક છે. એ બદલ્યા કરે છે. એનો દેખાવ ફર્યા કરે છે. જુવાન વૃદ્ધ થાય છે, બાળક, જુવાન થાય છે, પણ આજે તો એક નવું સત્ય એની સામે આવીને ઊભું.

વસ્તુ ક્ષણિક છે, ને નાશ પામે છે. આંહીં એ રહેતી નથી. રહેવા ધારે તો પણ રહી શકતી નથી. એ વાતનો દરેકના દિલમાં શોક છે. દરેકને એનું દુઃખ છે. એટલે દરેક આ મરણથી ડરે છે, રડે છે.

મરણને, માણસ ન રૂએ એવું શી રીતે થાય? મરણથી માણસ ન ધ્રૂજે એ કેમ બને?

રાજકુમારનું દિલ ખિન્ન થઇ ગયું. તે દિવસે પણ છન્ને રથને પાછો ઉતાવળે રાજમહાલયમાં લઈ લીધો.

રાજા શુદ્ધોદને આ વાત જાણી ને એનું દિલ ગભરાઈ ગયું.

એને ભણકારા વાગી ગયા. રાજકુમારને પણ હવે નાટક નૃત્ય આનંદ વિનોદમાં પહેલા જેવો રસ મળતો નથી. એના મનમાં પ્રશ્નો આવે છે. જીવન શું હશે? મૃત્યુ શું હશે? મરણ ન થાય તેવું શી રીતે બને?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસ સાચો કે મુડદું સાચું ? જો માણસ સાચો હોય તો એ મરે કેમ ? એ મરે છે, ત્યારે શું ચાલ્યું જાય છે ? માણસ તો હતો તેવો હોય છે ને છતાં શું જાય છે કે જેથી માણસ માણસ ગણાતો નથી, ને મુડદું ગણાય છે.

પ્રશ્નો તો એના નાનકડા મનમાં એટલા ઊઠવા મંડયા કે ન પૂછો વાત.

એના મનને એમ પણ થયું કે આ રાજપાટ, આનંદ મોજ, શોખ, હરવું ફરવું, વિનોદ મજા, બધું બધા કરે છે. પણ એમાંથી કોઇ કેમ કોઈ પણ દિવસ બોલતા નથી કે મૃત્યુ શું છે ? મૃત્યુ વિષે શું એ કાંઈ જ જાણતા નહિ હોય ?

મૃત્યુ વિષે કોણ જાણતું હશે ? એના વિષે કોણ વિચાર કરતું હશે ?

સિદ્ધાર્થના મનમાં આવા આવા વિચારો આવવા માંડયા. એવામાં એક દિવસ એક સંન્યાસી એણે જોયો.

સંન્યાસીને જોઈને ગૌતમને કેક વિચાર આવી ગયા.

'આ કોણ છે ?' તેણે છન્નને સવાલ પૂછયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છન્ને કહ્યું: 'કુમાર! એ સંન્યાસી છે. એણે સંસાર તજી દીધો છે. એ ભિક્ષા માગીને ગુજરાન ચલાવે છે.'

'પણ શા માટે એ એમ કરે છે, છન્ન? બીજાની પેઠે એ મોજશોખથી કેમ રહેતો નથી?'

છન્ને કહ્યું: 'કારણ કે એને મોટામાં મોટા પ્રશ્ન ઉપર વિચાર કરવો છે. એટલે એને એકાંતની જરૂર છે. શાંતિની જરૂર છે. દુનિયાની વાતો એને હરકત ન કરે એવા સ્થાનની એને જરૂર છે. એટલે એણે દુનિયાને તજી દીધી છે.'

રાજકુમાર ગૌતમ ઊંડા ઊંડા વિચારમાં પડી ગયો. એને છન્નની વાત સાચી લાગી. જે સવાલો પોતાના મનમાં ઊઠયા હતા, તે સવાલોનો જવાબ મેળવવા માટે, એણે પણ આ સંન્યાસીની પેઠે સંસાર તજી દેવો જોઈએ. તો જ એ સવાલોના સાચા જવાબ એને મળે. તે દિવસે ગૌતમ આ વિચારમાં જ તલ્લીન થઈ ગયો. એને કાંઈ જ ગમતું નથી. કોઈ પ્રકારનો આનંદ એને રુચતો નથી. નાટક, નૃત્ય, ગીત, કોઈ વાતમાં એનું ધ્યાન નથી. એના મનમાં તો એક જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાત ચાલી રહી છે. નિર્વાણ–સાચી શાંતિ ક્યાં છે? એ કોણ આપે! હમેશાં ટકી શકે તેવો આનંદ ક્યાં મળે? તે બેઠો છે રાજમહાલયમાં, પણ એનું મન ફરે છે, ગાઢ જંગલના કોઈ એકાંતમાં. એ ત્યાં પહોંચી ગયું છે.

એક વખતે એના પિતાએ એને સંદેશો મોકલ્યો: 'રાણી યશોધરાને પુત્ર જન્મ થયો છે.' આનંદ ઉત્સવના આ સમાચારે પણ રાજકુમારના દિલને કાંઈ જ આનંદ આપ્યો નહિ.

એણે તો સંદેશવાહકને કહ્યું: 'એક વધારે બંધનના આ સમાચાર આવ્યા. એનું નામ રાહુલ રાખો.'

રાહુલનો અર્થ એણે બંધન કર્યો. જેમ રાહુ, સૂરજના પ્રકાશને રોકી દે છે, તેમ આ બાળક જાણે પોતાના દિલના પ્રકાશને રોકી લેશે એમ એને લાગ્યું. એ એક વધુ બંધન બાંધવા આવ્યો હતો.

રાજકુમાર ગૌતમનું દિલ સંસારના તમામ પદાર્થોમાંથી કેવું ઊઠી ગયું હતું એ આમાંથી જાણવા મળે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ પ્રસંગની એક બીજી વાત પણ ચાલે છે. એના દિલમાં શાંતિની શોધ માટેની કેવી તાલાવેલી લાગી હતી, એ એમાંથી જાણવા મળે છે. ગમે તેવો નાનામાં નાનો પ્રસંગ પણ એને શાંતિની શોધ માટે નીકળી જવાની વાત કહી જતો હતો.

કિસા ગોતમી નામની એક બાઈ, એનું યૌવન, એનું રૂપ, એનો વૈભવ જોઈને આ પ્રમાણે બોલી:

'આ કુમારના પિતાના દિલમાં આનંદ આનંદ હોવો જોઈએ. એ પરમ શાંતિ અનુભવતો હોવો જોઇએ.

'આવા આ રાજકુમારની માતા આનંદમગ્ન હોવી જોઈએ.

'આ રાજકુમારની રાણી કેવળ આનંદમય હોવી જોઈએ, કારણ કે એને આવો પતિ મળ્યો છે!'

ગૌતમ રાજકુમારે આ સાંભળ્યું. પણ એના મનમાં એના આ શબ્દોથી પોતાના રૂપ માટે અભિમાન ન થયું. પણ એક નવી જ વાત એને સૂઝાડી. એને થયું કે 'ખરેખર આ બાઈએ આમાં ઘણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાત કહી દીધી છે. માતાપિતા અને રાણી બધાનાં મન, આ રૂપ જોઈને પરમશાંતિ પામે. પણ જો એ જાણતાં હોય કે એ રૂપ ક્ષણિક છે, નાશ પામનારું છે, તો એમને પરમશાંતિ મળે ખરી? સાચી પરમશાંતિ ક્યારે મળે? જ્યારે મનમાં ક્યાંય લેશ પણ અશાંતિ ન હોય ત્યારે. આ નારીએ બહુ સુંદર વચનો કહ્યાં છે.

અને સિદ્ધાર્થનો સંસાર તજવાનો વિચાર વધારે દૃઢ થયો.

રાજકુમાર સિદ્ધાર્થની તે દિવસે કપિલવસ્તુમાં છેલ્લી રાત્રિ હતી.

ચારે તરફ ગીત નૃત્ય નાટક ચાલી રહ્યાં હતાં. બધે આનંદ હતો. રાહુલના જન્મનો ઉત્સવ હતો. પણ એકલું એમનું દિલ આ કોઈ જ વાતમાં જાણે રસ લેતું ન હતું.

રાત્રિ ચાલતી રહી. ધીમે ધીમે ઉત્સવો બંધ પડયા. નૃત્યો નાટકો ગીતો શાંત થયાં. અનેક સુંદરીઓ એમના મહાલયમાં, એમના જ ખંડમાં, થાકીને લોથ થઈ આમ તેમ આડી અવળી સુઈ ગઈ. દીપકો ઝાંખા થવા માંડયા. રાત્રિ શાંત પડી ગઈ. તારાઓ મૂંગા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂંગા આકાશમાં મુસાફરી કરી રહ્યા.

ક્યાંયથી હવે અવાજ આવતો નથી. કોઈ ક્યાંય જાગતું નથી. આખી સૃષ્ટિ નિદ્રાધીન થઇ ગઇ છે.

એ વખતે માત્ર એક જ જણ જાગે છે !

રાજકુમાર સિદ્ધાર્થ–રાજકુમાર ગૌતમ. રાજકુમાર શાકયસિંહ.

એને પળે પળે જાણે અવાજ સંભળાય છે. એ બધે રુદન, રોગ, વૃદ્ધાવસ્થા, શોક, અજ્ઞાન, હૈયાફાટ વિલાપ જુએ છે. જાણે આખી દુનિયા રુદન કરી રહી છે !

અને રુદન પણ કેવું ? સાંભળનારનું હૈયું વલોવી નાખે તેવું. દુનિયામાં બધે કલેશ છે. બધે કંકાસ છે. બધે અજ્ઞાન છે. બધે લડાઇ છે. બધે મારામારી છે. બધે ઠેકાણે દુઃખ છે. આ આખી દુનિયાને શાંતિ શી રીતે મળે ?

સિદ્ધાર્થકુમારનું દિલ ઊંડું ઊંડુ ઊંડું ઊતરતું જાય છે.

એના મનમાં વાત ઊગી નીકળે છે. એ શાંતિની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શોધમાં નીકળે. એ શાંતિને શોધી કાઢે. એ શાંતિની દુનિયાને જાણ કરે. એ શાંતિની વાત બધાને કહે. દુઃખ, શોક, કંકાસ, લડાઈ, રૂદન બધાંને મટાડવાનો આ એક જ ઉપાય છે:

પોતે જો શાંતિની શોધ કરે તો? પોતે સંસાર તજીને એ મહાપ્રશ્નની શોધ માંડે તો? પોતે આ બધું તજીને આ એક જ પ્રશ્ન માટે ભેખ લે તો?

અને એમણે તત્કાલ નિર્ણય કરી લીધો.

એના દિલમાંથી વાણી નીકળી

'ઓ દુઃખડૂબ્યા જગજંન, આ હું આવ્યો રે,
'મને તેડતાં તારકવૃંદ આ હું આવ્યો રે!'

સિદ્ધાર્થકુમારનો આ સંસારત્યાગ, મહાભિનિષ્ક્રમણ એ નામે ઓળખાય છે.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



મહાભિનિષ્ક્રમણ

સિદ્ધાર્થ કુમારે મહાભિનિષ્ક્રમણનો નિશ્ચય કરી લીધો. હવે ગૃહત્યાગ કરવાની પળ આવી ગઈ છે એમ એને લાગ્યું. હવે ખોટી થવાય તેવું ન હતું. 'મને તેડતાં તારકવૃંદ, આ હું આવ્યો રે'—એમ જાણે આકાશી તારા એને બોલાવી રહ્યા હતા.

આખી દુનિયાનું છાનું રુદન એના હૃદય સુધી પહોંચતું હતું. તે ધીમેથી ઊઠયા. પલંગ તજી દીધો. ધીમે દૃઢ શાંત પગલે આગળ વધ્યા. એક એક પગલામાં એમનો દૃઢ નિશ્ચય પ્રગટતો હતો.

એની આસપાસ રૂપભરી સ્ત્રીઓનાં વૃંદ ત્યાં અસ્તવ્યસ્ત અવસ્થામાં સૂતાં હતાં.

નૃત્ય કરી કરીને એ થાકી ગયાં હતાં. એ બધાં ગાઢ નિદ્રામાં પડયાં હતાં. ગૌતમે એક કરુણાભરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૃષ્ટિથી તેમના તરફ જોયું. અને પછી તે આગળ વધ્યા.

દ્વાર ઉપર એનો સારથિ છન્ન હાજર હતો. 'છન્ન!' રાજકુમારે તેને બોલાવ્યો.

'આજે હવે પળ આવી ગઈ છે. મહાભિનિષ્ક્રમણની પળ આવી ગઈ છે. તું અશ્વરાજ કંથકને તૈયાર કરી લે. આપણે બહાર નીકળી જવું છે!'

સારથિને તો આજ્ઞા ઉઠાવવાની હતી. સવાલ કરવાનો એનો સ્વભાવ જ ન હતો. રાજકુમારનું દિલ એ કયારનો જાણતો હતો. એ કંથકને તૈયાર કરવા ગયો.

ગૌતમકુમાર ત્યાં એકલા અંધારામાં ઊભા. રાત્રિ ચાલી રહી હતી. અચાનક એને મનમાં આવ્યું: 'જે શિશુ જન્મ્યું છે, તેને હું એક વખત તો નિહાળી લઉં! એક વખત, પહેલી વખત, ને છેલ્લી વખત!'

આજ આંહીં એની છેલ્લી રાત્રિ હતી. આ રાજ, આ નગર, આ મહાલય, એનાં સ્વજન, પિતા, પત્ની, પુત્ર, બધાં જ છોડી જવાનાં હતાં. તે વખતે પોતાના નવા જન્મેલા બાળકને જરાક જોઈ લેવાની ઇચ્છા થઇ આવી. તે રાણી યશોધરાના ખંડ તરફ ચાલ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં પણ નિદ્રાદેવીનું રાજ હતું. દાસીઓ સૂઇ ગઇ હતી. ધીમા દીવા, ખૂણામાંથી ઝાંખો પ્રકાશ રેલાવતા હતા.

શાંત પગલે ગૌતમકુમાર આગળ ગયા.

જલસરોવરમાં જેમ કમળની પથારીમાં કોઈ હંસણી સૂતી હોય તેમ રાણી યશોધરા, ત્યાં શાંત નિદ્રામાં પડયાં હતાં. એના મોં ઉપર પુત્રજન્મનો આનંદ હજી બેઠો હતો. એનો પ્રેમભર્યો હાથ બાળક રાહુલના માથા ઉપર આવી રહ્યો હતો. ગૌતમકુમાર વિચાર કરતા ત્યાં ઊભા રહ્યા. દિલમાં એક ઇચ્છા જન્મી છે. પોતાના કુંવરને છેલ્લું વેલું એક પ્રેમભીનું ચુંબન આપવું છે. પણ રાણીનો હાથ ખેસવે તો, વખત છે ને, રાણી જાગે. તે વિચાર કરી રહ્યા.

છેવટે એમણે મનની એ ઇચ્છાને પણ મનમાં શમાવી દીધી. રાણી તરફ એક પ્રેમદૃષ્ટિ કરી. પુત્રને ઘડીભર હેતથી નિહાળી જોયો. અને પછી જેમ આવ્યા હતા તેમ એ શાંત ધીમે પગલે બહાર નીકળી ગયા. પણ એના એ, એક એક પગલામાં, મનનું એક એક જુદ્ધ ચાલી રહ્યું હતું. એ પણ પિતા હતા. વહાલભર્યા પતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા. જે મહાલય તજવાનો હતો તે કાંઈ જેવો તેવો મહાલય ન હતો, પણ એણે એકેએક પળને સંભાળી લીધી. મનને જીતી લીધું. તે બહાર આવ્યા, ત્યારે એની આંખમાં પ્રેમનાં આંસુ વહી રહ્યાં હતાં. સ્વજનોને તજતાં એમને, મહા ધીર અને વીરને પણ, દુઃખ થતું હતું. પણ એમણે જે મેળવવાનું હતું, તેમાં આ ત્યાગ કર્યે જ છૂટકો હતો. આ મહાન જીવનયાત્રામાં એમણે આ પ્રેમ હોમી દેવાનો હતો.

તે છન્નની સાથે રાજમહાલયમાંથી બહાર મેદાનમાં અશ્વરાજ કંથકની પાસે આવ્યા.

આવી મધરાતે, આવી અંધારઘેરી મુસાફરી, કંથકે કોઈ દિવસ કરી ન હતી. એની પ્રાણીની સમજણમાં પણ, જાણે ગૌતમકુમારની મહાભિનિષ્ક્રમણની વાત આવી ગઈ હોય તેમ એ પણ, ત્યાં શાંત ઊભો હતો. અને એની આંખમાંથી પણ અશ્રુની ધારા ચાલી રહી હતી ! એ પણ જાણે વાત જાણતો હતો !

ગૌતમે કંથકના વાંસા ઉપર ધીમેથી પ્રેમ ભર્યો હાથ મૂકયો: 'કંથક ! મિત્ર ! આજ જાણે આપણે એક મહાન જુદ્ધ જીતવા જવું છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તારો વેગ એ જ મારો આધાર છે. ચાલ, મિત્ર, ચાલ, આપણે કયાંના કયાં નીકળી જવું છે. ચાલ!'

અને તે કંથક ઉપર સવાર થયા.

અશ્વરાજ ઊપડયો. કંથકની પાછળ પાછળ છન્ન ચાલ્યો.

એ દુર્ગના દ્વાર ઉપર પહોંચ્યા. દ્વારમાંથી બહાર નીકળ્યા. હજી રાણી અને પુત્ર તરફનો પ્રીતિદોર એને મનમાં કે કે ગડભાંગ જન્માવી રહ્યો હતો. પણ એમણે તો ત્યાગ કર્યો તે ત્યાગ કર્યો. હવે એમાંથી પાછા ફરવાપણું ન હતું.

છેલ્લે છેલ્લે–જયારે નગરની સીમા આવી ગઈ ત્યારે, એક વખત ડોક ફેરવીને પોતાની નગરી તરફ જોઇ લેવાની એમને ઇચ્છા થઈ. પણ જેમણે મનમાં કોઈ પણ પ્રકારની ઈચ્છાને ટકવા ન જ દેવાનો નિશ્ચય કર્યો હતો, તેણે આ સાદી જેવી નિર્દોષ લાગતી ઇચ્છાને પણ મનમાં શમાવી દીધી. પોતાની નગરી તરફ પણ હવે શું જોવાનું હતું? એ આગળ ચાલ્યા.

એમ ને એમ એ આગળ વધતા જ ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાર છ જોજન દૂર જઈને એ અનોમા નદીને કાંઠે થોભ્યા. ત્યાં કંથક નદી પાર કરી ગયો. સામે કાંઠે જઈને એમણે જુદ્ધની તલવારનો એક અદ્‌ભુત નવો ઉપયોગ કર્યો. જે કેશમાં નિત્ય સુગંધી તેલ પડતાં હતાં, અને જેના મોહક દેખાવે, પોતાનું રૂપ ફરી જતું હતુ, તે લાંબા, સુંદર, રેશમ જેવા, પોતાના કાળા કેશને એમણે તલવારથી કાપી કાઢયા! જુદ્ધ કરનારી તલવાર, એમના હાથમાં મનનાં બંધન કાપનારી બની ગઈ. તમામ અલંકાર વસ્ત્ર ઉતારી નાખ્યાં. છન્નને એ આપી દીધાં. પોતે ભિખ્ખુ બની ગયા. કાષાય વસ્ત્ર ધારી લીધાં.

છન્નને પણ સાધુ થવું હતું. પણ ગૌતમે તેને સાધુ થવાની ના પાડી. તારું એ કામ નથી, એમ કહ્યું.

કંથકના દિલમાં રાજકુમાર ગૌતમને જોઈને એવો આઘાત થયો કે એ ત્યાં ને ત્યાં ઢળી પડયો! છન્ન રોતો રોતો પાછો ફર્યો.

આનંદ અને શોક એ બન્નેના મૂળ સ્થાનની પોતે શોધ કરવા નીકળ્યા છે, એની જાણે ખાતરી કરાવતા હોય તેમ, શાકયમુનિ આગળ વધ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે એ કુમાર સિદ્ધાર્થ ન હતા. ગૌતમ પણ ન
તા. શાકયસિંહ પણ રહ્યા ન હતા. એ તો હવે શાકય-
મુનિ બન્યા હતા. જગતમાં શોક શા માટે છે, જરા
ા માટે છે, મૃત્યુ શા માટે છે, એની શોધ કરવા એ
ીકળ્યા હતા.

કોઈ નદીનાં મૂળ જોવા નીકળે. કોઈ સમુદ્ર પાર
રવા નીકળે. કોઈ ડુંગર ટોચને જીતવા નીકળે. ન
ખાતા મનને બધી રીતે જોઈ લેવાનો અને એનો
ાગ મેળવવાનો આ પરાક્રમી પ્રવાસ—એ તો આજ
ણ દુનિયાને હજી છક્ક કરી નાખે તેવો છે!

શાકયમુનિ ફરતા ફરતા મગધ દેશમાં આવ્યા.
ાં રાજા બિંબિસાર રાજ કરે. એને કાને વાત આવી.
ાકયોનો એક રાજકુમાર સાધુ થઇને પોતાની રાજ-
હ નગરીમાં આવ્યો છે, ને નગર બહાર પાંડવ
ફામાં ઊતર્યો છે.

પોતે એને મળવા અને મનાવવા માટે ચાલ્યા.
પણ શાકયમુનિએ તો સંસાર તજ્યો હતો.
એમના દિલમાં અનેક વાતો ભરી હતી. એમને
સત્ય શોધનની લગની હતી. તેમણે રાજાને જવાબ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપ્યો કે હે રાજા ! જ્યાં સુધી મનમાં ઇચ્છા છે, ત્યાં સુધી માણસ ગરીબનો ગરીબ છે. પછી ભલે ગમે મોટામાં મોટા રાજનો માલિક હોય. હું નીકળ્યો છું એવા રાજની શોધ કરવા કે જે રાજ મળ્યા પછી કોઈ ઇચ્છા મનમાં રહે જ નહિ. એ નિર્વાણ છે. એ પરમ શાંતિ છે. બીજી બધી જ સુખની વાતો, થોડો વખત રહીને ચાલી જનારી છે.

રાજા બિંબિસારને પણ ખાતરી થઈ કે આ શાકય મુનિનો ત્યાગ એ ખરો ત્યાગ છે. તેણે તેમને વિનતી કરી કે જે જ્ઞાન પ્રાપ્ત કરવા તમે નીકળ્યા છો, તે જ્ઞાન પ્રાપ્ત થાય, ત્યારે એકવખત આ મારી નગરીમાં તમારે આવવું.

રાજાને વચન આપીને શાકયમુનિ આગળ વધ્યા. એ કોઈ જ્ઞાની પંડિતની શોધમાં હતા. એની પાસેથી તેમને જ્ઞાનનો સાચો રસ્તો જાણવો હતો.

આલાર કાલામ અને ઉદ્દક રામપુત્ર બે મહાજ્ઞાની છે, એમ સાંભળીને એ એમની પાસે ગયા.

એ બન્ને જણા સાથે રહે. ને મહાજ્ઞાની ગણાય પરંતુ આ જ્ઞાનીઓ પાસે જ્ઞાનની અજબ વાતો હતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને વાતો કરતાં કરતાં તો જાણે એમાં એવો આનંદ આવે કે જેની કોઇ સીમા નહિ.

પણ સ્વપ્નમાં ખાધેલી મીઠાઈની માફક, જ્ઞાન-વાતો બંધ થાય કે મન તો પાછું હતું ત્યાં ને ત્યાં!

અને શાક્યમુનિને તો મનનું કામ પહેલું હતું. બીજું બધું પછી.

એટલે ત્યાંથી થોડી ઘણી જે વાત મળી તે મેળ-વીને એ આગળ વધ્યા.

હવે એમની જ્ઞાનમાર્ગ માટેની સાચેસાચી શોધ શરૂ થઈ.

એમને ખબર પડી કે મગધમાં ઉરુવેલા નામે સેનાની નિગમ છે. ત્યાં રાજાનું સૈન્ય રહે છે. પણ ત્યાં પાંચ તપસ્વી પણ રહે છે. એમણે મનને જીત્યું છે. એમનો સંયમ અદ્ભુત છે. એમનું તપ જોવા જેવું છે. શાક્યમુનિ ત્યાં ગયા.

અને એમણે જોયું કે આ પાંચ તપસ્વી ખરેખર સાચા સંયમી હતા.

ઉરુવેલાનો પ્રદેશ પણ રમણીય હતો. પડખે નદી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નેરંજરા વહેતી હતી. ચારે તરફ જંગલ હતાં. આસ
પાસ ભિક્ષાટન માટે પણ સારી સગવડ હતી. શાક્ય
મુનિ ત્યાં રહ્યા. અને ઉગ્ર તપ આદર્યું. એમના તપ
નિહાળીને, પેલા પાંચ તપસ્વી પણ નવાઈ પામી ગયા
એમણે મનને જીતવા માટે ઉગ્ર તપ આદર્યું. પેલ
તપસ્વીઓ એમના શિષ્ય થઈ રહ્યા.

મનને મારવાનો માર્ગ લીધો. પણ મન શી રી
મરે? એમણે દેહને સૂકવી સૂકવીને એવો કરી મૂક્યો
એ દેહમાં કાંઈ ઈચ્છા જ રહે નહિ. જવનો માત્ર એ
કણ લઈને એને આધારે એ રહેવા લાગ્યા. ઉપવા
ઉપર ઉપવાસ ખેંચવા લાગ્યા. મન ક્યાંય જાય નહ
માટે એક સ્થાને બેસીને ધ્યાન ધરવા લાગ્યા.

આવું ઉગ્રતપ એમણે આદર્યું. પૂરાં છ વર્ષ સુ
એમણે આ તપ કર્યું. એમનું શરીર તદ્દન કૃશ થ
ગયું. ચાલવાની પણ તાકાત ન રહી. હઠયોગી જે
શરીરને કસોટીએ ચડાવે, તેમ એમણે શરીરને કસો
ટીએ ચડાવ્યું. સમાધિ પણ કરવા લાગ્યા. શ્વાસોશ્વા
વાસને પણ અટકાવી દે તેવી સિદ્ધિ મેળવી.

કોઈ કોઈ સાધુ તો એમને જોઈને માનતા કે હ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૌતમ શાક્યમુનિ બે ચાર દીના મેમાન છે.

પણ આટલું આટલું કષ્ટ દેહને દેવા છતાં, એમના મનમાં, જે પરમશાંતિની એ આશા રાખતા હતા, તે પરમશાંતિ તો ક્યાંય ન દેખાણી. એમને તો એ મનમાં અનુભવવી હતી. વાતોમાં તો બધા પરમશાંતિની વાતો કરે, પણ મનમાં એ ક્યાંય મળે નહિ. ગૌતમને તો એ મનમાં અનુભવવી હતી. અને એ હજી એટલી ને એટલી દૂર હતી. શરીર તો એવું કૃશ બનાવ્યું હતું કે એમનાથી ચલાતું પણ ન હતું. પણ એમના મનમાં હવે શંકા જન્મી. એમને લાગ્યું કે આટલા આટલા કષ્ટથી દેહ દુર્બળ થાય, કાંઈ કામ કરવાની શક્તિ ન રહે, એટલે મનમાં ઈચ્છા નથી એવું લાગે પણ તે છતાં, મનને શાંતિનો અનુભવ તો થતો જ નથી. માટે આ દેહદમનનો રસ્તો બરાબર નથી. પરમશાંતિ મેળવવાનો એ સાચો રસ્તો જણાતો નથી. આ કોઈક ખોટો માર્ગ હાથ આવી ગયો છે.

ગૌતમે થોડું થોડું ભોજન લેવા માંડ્યું. પણ આ તો તપનો ભંગ થયો, એમ માનીને, એમની સાથે રહેનારા કશ્યપ વગેરે સાધુઓ વારાણસી ચાલ્યા ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ છ છ વર્ષની તપશ્ચર્યાનું કાંઈ જ પરિણામ આવતું નથી, કોઈ ચમત્કાર જન્મતો નથી, એ જોઈને થાકીને એ ચાલ્યા ગયા.

એક દિવસની વાત છે. શાકયમુનિ નદીએ નાહવા ગયા હતા.

શરીર એટલું અશક્ત હતું કે એ માંડમાંડ ઊભા રહી શકતા હતા. પાછા આવતાં તો રસ્તામાં એક ઝાડ નીચે પડી પણ ગયા. ને થોડીવાર તો મૂર્છાવશ થઈ ગયા.

એ વખતે પાસેના ગામની એક મહિયારી સુજાતા ત્યાં આવી ચડી. એના માથા ઉપર ક્ષીર ભોજનનું પાત્ર હતું. એ આંહીં દેવસ્થાનમાં કાંઈક માનતા માટે આવી હતી. એણે આંહીં શાકયમુનિને અશક્ત જેવા જોયા.

તે ત્યાં જ બેસી ગઈ. એણે શાકયમુનિને ક્ષીર ભોજન આપ્યું. શાકયમુનિને એ ભોજનથી કાંઈક શાંતિ મળી. એમને હવે એક વાત સમજાઈ ગઈ. દેહ-દમન એ સાચો માર્ગ નથી. એનાથી દેહ કૃશ થાય. શરીર નબળું પડે. પણ મનને ઘડવા માટે તો મનને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ સમજવું જોઈએ. એમને સત્યની ઝાંખી થવા માંડી.

હવે એ તપસ્વી પણ ન રહ્યા. શરીરને કારણ વિના કષ્ટ આપવાનો માર્ગ એમને ખોટો જણાયો. એમણે ભોજન લીધું એટલે તપશ્ચર્યાનો ભંગ થયો હતો એમ માનીને એના પેલા પાંચ શિષ્યો તો ક્યારના વારાણસી ચાલ્યા ગયા હતા. એટલે શાક્યમુનિ પરિવ્રાજક બનીને ફરી ભટકવા માંડ્યા.

એમ કરતાં કરતાં એ બોધિગયા પાસે આવ્યા.

ત્યા એક વૃક્ષતળે એ શાંતિથી બેઠા. વિચારમાં ને ઊંડા ચિંતનમાં પડી ગયા. પોતે જે પરમશાંતિની શોધ કરતા હતા, તે પરમશાંતિ ક્યાં હતી ?

દેહદમનથી એમને એ મળી નહિ. ભટકવાથી પણ મળી નહિ. તપશ્ચર્યાથી પણ મળી નહિ. પણ ત્યારે એ મળે શી રીતે ?

એમ ને એમ એ ચિંતનમાં ઊંડા ને ઊંડા ઉતરતા ગયા.

એ આખી રાત એમનું મન સાથે જુદ્ધ ચાલ્યું.

મનને જુદાં જુદાં સુખો બતાવનારો એક માર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામનો પ્રલોભનનો દેવ છે. એ દેવ સાથે એને આખી રાત યુદ્ધ થયું. એનો અર્થ એ કે, એમને પોતાના મનમાં આવતા અનેક વિચારોને સમજવા પડયા હશે.

એમને એ વખતે એમ પણ વિચાર આવ્યો હશે કે, આ કારણ વિનાની ઉપાધિ મેં શું કરવા વહોરી છે? મારું રાજપાટ શું ખોટું હતું? ત્યાંનાં સુખ શું ખોટાં હતાં? ત્યાં શું ન હતું?

આવા મનને ડગાવનારા વિચારો પણ આવ્યા હશે. એનું નામ માર.

પણ ગૌતમે તો મનમાં ગાંઠ વાળી લીધી હતી. આજે આ રાત મારી છે. આ રાતે જ મન સાથે જે જુદ્ધ કરવાં હોય તે કરી લેવાનાં છે. કાલે તો મને પ્રકાશ મળી જ જવો જોઈએ.

અને એ આખી રાત એમણે માર સાથે યુદ્ધ કર્યું. છેવટે વિજય એમનો થયો.

એ વિજયમાં એમને શું મળ્યું? કયું પરમસત્ય એમને મળ્યું?

એમને એક પરમસત્ય મળ્યું. દેહને કષ્ટ દેવાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનને જીતી શકાતું નથી.

દેહને બહુ લાલનપાલન કરવાથી પણ, મનને જીતી શકાતું નથી.

મનને જીતવાનો એક જ માર્ગ છે. મધ્યમ માર્ગ.

બહુ વિલાસ નહિ. બહુ જડ જેવો સંયમ પણ નહિ. ઘોડાને જેમ રસીથી સારથિ દોરે છે, તેમ મનને જે દોરતો રહે, તે માણસ જ શાંતિ મેળવે.

આ સત્ય એમને સમજાયું. અને એમને આનંદ આનંદ થઈ ગયો. છેવટે એમણે નિર્વાણની શોધ કરી. પરમશાંતિ ક્યાં રહે છે એ શોધી કાઢયું. પરમ શાંતિ એવા મનમાં રહે છે, જે મનમાં, કાંઈ જ ઈચ્છા રહેતી નથી. ઈચ્છા વિનાનું મન, એનું નામ પરમશાંતિ. જેને ઈચ્છા નથી, એને ભય પણ નથી. કારણ કે એને કાંઈ ખોવાનું નથી. જેને ભય નથી, એને દુઃખ નથી. મરણ નથી. શોક નથી. અને એ જ આનંદ છે. શાંતિનું એ જ મૂળ છે.

પરમશાંતિ એ માણસના મનની પેદાશ છે.

આ પરમસત્ય શાકય મુનિને મળ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે એ જાગ્રત થયા. એ સત્યના જાણકાર થયા. એમને જ્ઞાનપ્રાપ્તિ થઈ. એ બુદ્ધ થયા.

હવે એ 'બુદ્ધ ભગવાન' એ નામે પ્રસિદ્ધ થયા.

'ભગવાન બુદ્ધ'ને જ્યાં જ્ઞાન પ્રાપ્ત થયું તે સ્થળ બોધિગયા નામે પ્રસિદ્ધ છે.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્મચક્ર–પ્રવર્તન

જે સત્ય પોતાને મળ્યું હતું, તે હવે બીજાને આપવાનું હતું. ભગવાન બુદ્ધ એ માટે પ્રવાસે નીકળ્યા. પહેલાં તે ઋષિપત્તન ગયા. વારાણસી પાસે એ આવ્યું. પેલા પાંચ શિષ્યો ત્યાં રહેતા હતા.

એ શિષ્યોએ એને આવતા જોયા. એમણે મનમાં વિચાર કર્યો કે આ ગૌતમ આંહીં આવે છે, પણ એ કાંઈ જ્ઞાની નથી. તપસ્વી નથી. તપનો તો એણે ભંગ કર્યો હતો. આપણે એને ગુરુ ગણવો નહિ. એને આપણે નમવું પણ નહિ. ભલે એ આવે.

પણ જ્યારે ભગવાન બુદ્ધ એમની પાસે આવ્યા ત્યારે એની મુખમુદ્રા જોઇને એ છક્ક થઈ ગયા. શું શાંત એમનો ચહેરો હતો? જાણે શાંત જળભર્યું ઊંડું સરોવર!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પવનની એક લેરખી પણ આવતી ન હોય, ને એવા ભર્યા સરોવરમાં ગંભીરજળ જેવાં શાંત દેખાય, એવાં શાંત એમનાં નેત્રો હતાં. એ મુખમુદ્રામાં કયાંય રાગ ન હતો. દ્વેષ ન હતો. હું મોટો, એવી અહંતા ન હતી. હું જ્ઞાની, એવું અભિમાન ન હતું. જાણે કે એમાં હુંકાર જ રહ્યો ન હતો. પોતાની સામે ઊભેલા માણસને નહિ, પણ એના દુઃખને, એના અજ્ઞાનને, એના શોકને, એ કરુણા ભરેલી નજરે જોઈ રહેતા હોય તેમ, એમનાં નેત્ર, આ પાંચે જણાને જોઈ રહ્યાં. એમની એ દૃષ્ટિ માણસના અજ્ઞાનને, માણસના દુઃખને, માણસના શોકને જોતી હતી, અને એ જોતાં દયાર્દ્ર બની જતી હતી. એમને માણસનાં દુઃખ કાઢવાં હતાં. એ દુઃખ મનમાંથી જ આવતાં હતાં. એ મન, જ્ઞાન પામે ત્યારે જ એનું દુઃખ દૂર થાય. પોતે એ જ્ઞાન આપવા નીકળ્યા હતા.

પેલા પાંચ શિષ્યો ન નમવાનો સંકલ્પ કરીને ઊભા હતા, પણ ભગવાન બુદ્ધને જોતાં જ, બે હાથ જોડીને, એકી સાથે નીચે માથે નમી પડયા.

પછી ભગવાન બુદ્ધે એમને કહ્યું : 'ભિક્ખુઓ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું તમારે માટે અમૃત લાવ્યો છું. હું તો ભિક્ખુઓ! શોકમાંથી માણસને, અને એ શોક જ્યાંથી આવે છે. તે માણસના મનને, બન્નેને મુક્ત કરવા માગું છું.

'શોક શી રીતે જાય ભિક્ખુઓ?'

'શોકને સમજવાથી.'

'એ સમજણનાં પગથિયાં તમે ગોઠવતા જાઓ. શોક ક્યાંથી આવે છે? મનને શોક કેમ લાગે છે? જ્યારે મનને લાગે છે કે આ મારું છે, ત્યારે એનો નાશ થતાં એને શોક લાગે છે. એક ગામમાં એક સાથે સો માણસો મરણ પામે, તો કોઈને પણ એ સોયે માણસોનો શોક નહિ થાય. એનો અર્થ એ થયો કે માણસને મરણનો શોક નથી. એમ હોત તો સોએ માણસોનો શોક બધાને થાત. પણ જેને પોતાનું માન્યું હતું, તે પોતાનું ગયું, તેનો જ શોક માણસને થાય છે. એટલે જો આ મમત્વ ન રહે, તો શોક ન રહે. શોક ન રહે, તો દુઃખ ન રહે. દુઃખ ન રહે, તો અશાંતિ ન રહે. અશાંતિ ન રહે, તો માણસ નિર્વાણ પામે. કેવળ સુખ અનુભવે. બધી જ સ્થિતિમાં ને બધે જ એને આનંદ આનંદ જણાય. એને શોક કરવા જેવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાંઈ લાગે નહિ.

આનંદની ગેરહાજરી એ શોક નથી ભિક્ખુઓ! પણ અજ્ઞાનની હાજરી એ શોક છે.

જે મન બરાબર વિચાર કરતાં શીખે, તે મન શોકને તરે. ભિક્ખુઓ! કોઇપણ અતિનું સેવન ન કરો. પણ એટલે શું? અતિ આહાર નહિ. અતિ ઉપવાસ નહિ. અતિ કઠોરતા નહિ, અતિ કાંઈ નહિ. તથાગતે એટલા માટે ભિક્ખુઓ! મધ્યમ માર્ગ સ્વીકાર્યો છે. મધ્યમ માર્ગ જ શાંતિ આપે.'

આ પાંચ શિષ્યો સાથે ભગવાન બુદ્ધ હવે ધર્મ ચક્ર પ્રવર્તન માટે ચંક્રમણ [ફરવું તે] કરવા લાગ્યા. ત્રણ ભિક્ખુઓ માગી લાવે. છએ જણા એમાંથી ભોજન કરે. ને ભગવાન ઉપદેશ કરે. સૌથી પહેલાં એમણે કયા સંસારીનો શોક દૂર કર્યો હશે? સૌથી પહેલો ઉપદેશ કોને આપ્યો હશે?

વારાણસી નગરીમાં એ વખતે યશ નામે એક મહા શ્રીમંત રહે. તેની લક્ષ્મી અઢળક. એનો દેહ સુકુમાર. તેણે ટાઢ તડકો કોઈ દિવસ જોયાં પણ ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતાં. એ યશ પણ, ભગવાન તથાગત જ્યારે રાજ-કુમાર હતા ને જે રીતે રહેતા હતા, તે જ રીતે, રહેતો હતો. એને ત્યાં ત્રણ ત્રણ તો મહાલય હતા. મૃદંગ, વીણા, ને ઢોલક, તાનગાન, તેને ત્યાં રાતદિવસ ચાલતાં રહેતાં. પણ તેણે એક દિવસ જોયું કે સંસારમાં દુઃખ તો છે. પોતાને ત્યાં ભલે એ નથી, પણ સંસારમાં તો બધે એ છે. એના દિલમાં વૈરાગ્ય જાગ્યો. તે ભગવાન બુદ્ધ પાસે આવ્યો. તે આવ્યો, ત્યારે રાત્રિ હતી. ભગ-વાન ટહેલી રહ્યા હતા. યશના દિલમાં તો ભારે દુઃખ હતું. તે ભગવાનને જોઈને બોલી ઊઠયો: 'અરે રે! કેવું દુઃખ? કેટલું દુઃખ? ક્યાંય સુખ છે જ નહિ, ભગવાન! હું એ શોધવા આવ્યો છું!'

ભગવાનને અભિવાદન કરીને તે એક તરફ બેઠો. ભગવાન બુદ્ધે એને શાંત નિર્મળ જળપ્રવાહ જેવી વાણીમાં ચાર આર્ય સત્યોનો ઉપદેશ આપ્યો.

એ ચાર સત્યો આ પ્રમાણે છે.

પહેલું સત્ય આ કે, માણસનું દુઃખ માણસ પોતે ઊભું કરે છે. એની જે ઈચ્છા પૂરી થતી નથી, તે તો એને દુઃખ આપે છે, પણ જે ઈચ્છા પૂરી થાય છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે વધુ દુઃખ આપે છે. માણસ આ સમજતો નથી. એટલે ઈચ્છા પૂરી કરવા પાછળ દોડે છે. આ અ સંયમ જો એ તજે, તો એ સુખ મેળવે. આ પહેલું સત્ય.

બીજું સત્ય આ, ઈચ્છા તજે, તે માણસને શાંતિ મળે.

ત્રીજું સત્ય આ: પણ એ ઈચ્છાને વશ કરવા માટે માણસ જ્યારે કોઈ પણ પ્રકારના 'અતિ' નો આધાર લે છે, ત્યારે એનાથી લાભને બદલે હાનિ ભોગવે છે. અતિશય ઉપવાસ, અતિશય વ્રતો, તપો, નિયમનો એ બધાં દુઃખ આપે છે. એ માટે એણે મધ્યમ માર્ગ લેવો જોઈએ. એ ચોથું સત્ય. આ મધ્યમ માર્ગની કેળવણી માટે એમણે અષ્ટાંગ માર્ગ બતાવ્યો છે. સારો સંકલ્પ કરવો. મનમાં ખરાબ વિચાર ન કરવો. જ્ઞાન સારું ને સાચું જ્ઞાન મેળવવું. અધકચરું નકામું. તોછડી કડવી વાણી ન રાખવી. સારી વાણી રાખવી. સારાં કામ કરવાં. સારો ધંધો કરવો. સારો પ્રયત્ન કરતો રહેવો. નશીબમાં હશે તે થશે એમ ન કરવું. સારી રીતે જાગ્રત રહેવું. ઊંઘતા રહીએ, તો શું ચાલે છે તે ખબર ન પડે. ચિત્ત સારું રાખવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવાને આ અષ્ટાંગ માર્ગ બતાવ્યો છે.

યશ તો ભગવાન બુદ્ધનો શિષ્ય થયો; પણ બીજા એના મિત્રો પણ એના શિષ્ય થયા. શિષ્યસમુદાય વધ્યો. ભિક્ખુઓનો સંઘ થવા મંડયો. ભગવાનનો ઉપદેશ અનેકને અસર કરવા લાગ્યો. ધર્મચક્રપ્રવર્તન શરૂ થયું.

ભગવાન બુદ્ધની ઉપદેશ આપવાની રીત જ અનેરી હતી. જેમ વહાલસોઈ માતા, પોતાના નિદ્રાધીન બાળકને, ધીમે ધીમે વહાલભર્યો હાથ પંપાળીને જગાડે, એકદમ બૂમ મારીને એને ભડકાવી ન દે, તેમ ભગવાન બુદ્ધ, એમની પાસે આવનારને, પહેલાં તો, પ્રેમભરી વાણીથી જગાડતા. એનું દિલ જાગે, એટલે એ એને જ્ઞાન આપતા. અનેક પ્રસંગો એવા છે કે જેમાં ભગવાને શોકથી ઘેરાયેલાં દિલને પ્રેમભીનાં બનાવીને પંપાળ્યાં છે, ને શાંતિ આપી છે.

એક વખતની વાત છે. ભગવાન તથાગત તે વખતે શ્રાવસ્તી નામે નગરીમાં હતા. એક કોઈ બાઈ દોડતી એમની પાસે આવી. એ હૃદયફાટ રુદન કરતી આવે છે. એનાં વસ્ત્રોનું ઠેકાણું નથી. એની વાણીનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠેકાણું નથી. એના હાથમાં એણે એક મરેલું બાળક રાખ્યું છે, ને એ દોડતી આવે છે. એની બે આખમાંથી તો આંસુ ચાલ્યાં જાય છે, જેમ ગાય ભાંભરતી આવે એમ એ ભાંભરતી આવે છે. એનું એકનું એક બાળક મરણ પામ્યું છે. એનાથી શોક સહન થતો નથી. કોઈએ એને બતાવ્યું કે ભગવાન બુદ્ધ તારા બાળકને સજીવન કરી દેશે. અને એ ગાંડીની માફક ભગવાન પાસે દોડતી આવે છે.

એનું નામ કિસા ગોતમી. એણે તો આવીને ભગવાનના ચરણમાં બાળક જ મૂકી દીધું. રોતાં રોતાં બોલી: 'ભગવાન! મારું આ એકનું એક બાળક છે. જીવતું કરો, જીવતું કરો, હે ભગવાન! એને જીવતું કરો. એના વિના મારે જીવવું નથી.'

એની વેદનાનો પાર નથી. એના શોકનો પાર નથી. ભગવાન બુદ્ધે એની સામે કરુણાભરી દૃષ્ટિથી જોયું. માનું દુઃખ જોઈને એમના ધીર વીર હૃદયમાં પણ આંસુ ઉભરાયાં હશે. પણ એમની પાસે તો એક મહાશાંતિનો સાગર છલકાતો હતો. એમણે ધીમેથી શાંતિથી કહ્યું: 'બાઈ! જીવતું કરું. પણ તું એક મૂઠી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાઈ લઈ આવ !'

એક મૂઠી રાઈમાં બાળક જીવતું થશે, એવી ગાંડી આશાથી કિસાગોતમી તો તરત ઊભી થઈ ને દોડી.

પણ ત્યાં ભગવાન તથાગતે કહ્યું: 'જો બાઈ ! આપણે એક જ મૂઠી રાઈ જોઈએ છીએ. પણ તે એવે ઘેરથી લાવજે, જ્યાં કોઈ દિવસ, કોઈ મર્યું ન હોય !'

કિસા ગોતમી તો એટલા શોકમાં છે કે ભગવાનના આ શબ્દોને એ સમજી ન સમજી, ને રાઈ લેવા માટે દોડી ગઈ. મૂઠી રાઈ લાવતાં શી વાર ? હમણાં લઈ આવું કરીને, એ ગાંડાની માફક નગરીમાં પહોંચી ગઈ.

નગરીમાં પહોંચીને જે પહેલું ઘર આવ્યું ત્યાંથી જ રાઈ મેળવી લીધી. પણ ત્યાં એને ભગવાનની વાત યાદ આવી. એટલે એણે પૂછયું: 'પણ બાઈ ! તમારે ત્યાં કોઈ મરણું થયું નથી નાં ?'

'મારે ત્યાં તો બે મહિના પહેલાં જ મારી મા મરી ગયાં છે !' બાઈ બોલી.

'ત્યારે આ રાઈ નહિ—' કિસા ગોતમી બીજી જગ્યાએ ગઈ. ત્યાં તો ત્રણ દિવસ પહેલાં જ કોઈક મર્યું હતું. ત્રીજે ઠેકાણે ગઈ. ત્યાં તો આજે જ મરણું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયું હતું. ચોથું ઠેકાણું ગોત્યું. ત્યાં પણ કોઈકનું મૃત્યુ થયું હતું. એમ ને એમ સાંજ સુધી રખડી, પણ એવું કોઈ ઘર, આખી નગરીમાં એને જડ્યું નહિ કે જ્યાં કોઈ મરણ કોઈ દિવસ થયું ન હોય.

એ તો સાંજે લોથપોથ થઇને પાછી ફરી. ભગવાનને વાત કરી. 'કોઈ ઘર એવું નથી, જ્યાં કોઈ જ મર્યું ન હોય. એવી મૂઠી રાઈ મળતી નથી. હવે હું શું કરું, ભગવાન?'

પછી ભગવાન તથાગતે એવી સુંદર શાંત નિર્મળ વાણીમાં એને ઉપદેશ આપ્યો કે કિસાગોતમીનો મોહ છૂટી ગયો.

આ કિસા ગોતમીએ થોડીક કવિતા પણ લખી છે. એમાંથી એના મનનો અવાજ આજ પણ સંભળાય છે! એમાં એ કહે છે, 'મને ધન્વંતરીએ દવા આપી અને મારો શોક ગયો.'

એ વખતના તમામ દેશોમાં ભગવાન બુદ્ધના આ ધર્મચક્રપરિવર્તનનો પ્રભાવ પડ્યો હતો. મગધદેશ, અંગદેશ, બંગદેશ, વજ્જિગણતંત્ર, કોશલ, કાશી, એ બધા જ દેશોમાં, ભગવાન વારંવાર ચંક્રમણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતા. શ્રાવસ્તી નગરી કોશલની રાજધાની હતી. ત્યાં તો એ ઘણી વખત જતા.

એમણે આપેલો ઉપદેશ બધાના દિલમાં પ્રવેશ મેળવી લેતો. શઠ, ચોર, લૂંટારા, ગરીબ, શ્રીમંત, શેઠ, રાજા, નટ, કારીગર, નર્તિકા બધા એમનો ઉપદેશ સાંભળતા. ને બધાના દિલ સોંસરવો એ નીકળી જતો.

એક વખત તો એમણે એક મહાભયંકર લૂંટારાનો હૃદયપલટો કર્યો હતો. તે વખતે કોશલ દેશમાં એક લૂંટારો થઈ ગયો. તેનું નામ અંગુલિમાલ. જે મળે તેને લૂંટે. એની આંગળી પણ કાપી લે. એ આંગળીઓની માળા પહેરે. એવી એક હજાર આંગળીઓની એણે માળા કરેલી. આવો એ ભયંકર, ઘાતકી અને ખૂની. જે સામે થાય તેને મારી જ નાખે. કોશલદેશનો રાજા પ્રસેનજીત ઘણી મહેનત કરે, પણ લૂંટારો હાથ ન આવે. હાથતાળી દઈને નાસી જાય.

રાજાને પણ ચિંતા થાય.

એક વખત ભગવાન તથાગત જંગલને એકાંત રસ્તે ચાલ્યા આવે. પોતે એકલા હતા, ને ગાઢ જંગ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લમાં નીકળી પડયા હતા. એટલામાં આ રસ્તે અંગુલિમાલ લૂંટારો અચાનક આવી ચડયો.

ભગવાન તો જેમ ચાલતા હતા તેમ ચાલતા રહ્યા. અંગુલિમાલે મોટા ક્રૂર અવાજે એમને કહ્યું: 'ભો શ્રમણ! ઊભો રહે. જરા સ્થિર રહે.'

પણ ભગવાન તો જેમ ચાલતા હતા, તેમ ચાલતા જ રહ્યા. ભગવાને એના શબ્દનો જ્ઞાન અર્થ લીધો. 'સ્થિર રહે, એટલે ચંચળ બન નહિ.' આ અર્થ લઇને ભગવાને જવાબ આપ્યો: 'ભો ! અંગુલિમાલ! હું તો સ્થિર છું. તું ચાલે છે. તું સ્થિર થા. તું ઊભો રહે. હું તો ભૂમિ ઉપર બરાબર ઊભો છું જ.'

અંગુલિમાલને નવાઈ લાગી. પોતે ઊભો હતો, છતાં સાધુ, એને ચાલતો માનતા હતા. ને શ્રમણ ચાલી રહ્યો હતો, છતાં પોતે સ્થિર છે એમ જવાબ વાળતો હતો. આ વાણી કેવા પ્રકારની ?

તેણે કહ્યું: 'હે શ્રમણ! સાધુઓ ખોટું બોલતા નથી. ને તું આવી ખોટી વાત કેમ કહે છે? હું ઊભો છું, ને ચાલે છે તો તું. છતાં પોતાને માટે હું ઊભો છું, સ્થિર છું, એમ ખોટી વાત કેમ કહે છે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવાને જવાબ વાળ્યો: 'હે અંગુલિમાલ! હું સ્થિર છું. શાંત છું. મારી ભૂમિકા અચલ છે. પણ તું સ્થિર નથી. તું બીજાને દુઃખ આપે છે. એટલે તને અશાંતિ મળે છે. અશાંતને કોઈ સ્થિર માને? અચલ માને? ઊભો રહેલો માને? તારે તો જેને તેને મારીને દોડવાનું જ છે. મારે તો કોઈને મારવા પણું નથી. દોડવાપણું નથી. માટે હું ચાલું છું છતાં સ્થિર છું. ને તું ઊભો છે, છતાં અસ્થિર છે. તારા મનમાં કઈ બાજુ દોડી જવું, એ જ વિચાર ચાલે છે. મારા મનમાં ક્યાં સ્થિર થવું એ વિચાર ચાલે છે. માટે તું ઊભો છે, છતાં ચાલે છે. ને હું ચાલું છું, છતાં ઊભો છું!'

અંગુલિમાલ ભગવાનની વાણી સાંભળીને વિચારમાં પડી ગયો. વાત તો ભગવાનની સાચી હતી. પોતાના દિલમાં શાંતિ ક્યાં હતી?

પછી અંગુલિમાલ ભિક્ખુ બની ગયો. અને પછી તો રાજા પ્રસેનજીત પણ એને આવો શાંત ભિક્ખુ બનેલો જોઈને નવાઈ પામ્યો.

ભગવાન તથાગતના આ ધર્મ ચક્રપ્રવર્તન અંગે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયેલા પ્રવાસમાં આવા અનેક પ્રસંગો બન્યા છે. એમણે શઠને સાધુ બનાવ્યા. ભિખારીઓને રાજાના રાજા જેવા બનાવ્યા. માણસમાંથી ઊંચ નીચનો ભેદ અળસાવ્યો. પોતે યજ્ઞયાજ્ઞાદિમાં ચાલતી હિંસા બંધ કરાવી. એક નવી જ હવા ફેલાવી.

એ વખતે ઘણાં રાજ્યો હતાં. કેટલાંકમાં ગણતંત્રો હતાં. કેટલાંકમાં રાજાઓ હતા. ભગવાન ત્યાં બધે જતા, ને લોકોને સદાચાર આચરવાનો ઉપદેશ આપતા.

એક વખત એ વૈશાલી નગરીમાં ગયા. ત્યાં ગણતંત્ર હતું. કોઈ એક રાજા રાજ ન કરે. એક સભા બેસે, તેને સંથાગાર કહે. સંથાગારમાં બધી વાતનો નિર્ણય થાય.

ભગવાન બુદ્ધ વૈશાલીમાં આવે છે, એ સાંભળીને સંથાગારમાં એમનો સત્કાર કરવાનો નિર્ણય થયો. મોટા મોટા સભાસદો એમનો સત્કાર કરવા, એમને આમંત્રણ આપવા, તૈયાર થઈને નીકળ્યા. એમણે એવા સુંદર રથો તૈયાર કર્યા હતા કે, ઘડીભર માણસ રથોને જોઈ જ રહે. સુવર્ણ રંગી રથ હોય તો એ રથ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાંકનારે પણ સુવર્ણરંગી વેષ પહેર્યો હોય. ઘોડા પણ સુવર્ણરંગી રંગ્યા હોય. એમ જાંબુડા, પીળા, લીલા, આસમાની, વાદળી અનેક રથો ભગવાનને પહેલું આમંત્રણ આપી દેવા દોડયા.

હવે વૈશાલીમાં એક નર્તિકા રહે. એનું નામ આમ્રપાલી. નગર બહાર એનું ઉદ્યાન. ભગવાન ત્યાં ઉતરેલા. એને આ વાતની ખબર પડી. એ પણ પોતાનો રથ તૈયાર કરીને ભગવાનને આમંત્રણ આપવા દોડી.

એની પાસે અઢળક લક્ષ્મી હતી. એનો રથ તો સૌથી સરસ હતો. એનો રથ સૌથી આગળ નીકળી ગયો. પણ છેવટે તો એ એક નર્તિકા હતી. ને સભાસદો તો રાજાઓ જેવા હતા. બીજાં ઘણાં બધાં આમંત્રણો આવી રહ્યાં છે, ત્યારે એનું આમંત્રણ ભગવાન બુદ્ધ સ્વીકારે, એ વાતમાં કાંઈ માલ ન હતો.

પણ આમ્રપાલી તો સૌથી પહેલી પહોંચી ગઈ. એણે ભગવાનને ભોજનનું આમંત્રણ આપ્યું. ભગવાન મૌન રહ્યા. મૌન રહે એટલે આમંત્રણ સ્વીકાર્યું ગણાય. ભગવાને આમ્રપાલીનું આમંત્રણ પહેલું સ્વીકાર્યું. ને રાજાઓ બધા જ રહી ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવાને રાજપુરુષો ને સામાન્ય નર્તિકાનો ભેદ ટાળી નાખ્યો.

આ આમ્રપાલી પછીથી ભગવાનના ચરણમાં પડીને ભિખ્ખુણી બની ગઈ.

ભગવાન તથાગતના જીવનનો બીજો પ્રસંગ પણ છે. એ તો ઘણો વહેલો બન્યો હતો. એ વખતે ભગવાન રાજગૃહ નગરીના વેણુવનમાં રહેતા હતા. ત્યાંના રાજા બિંબિસારને એમનો ઉપદેશ ઘણો જ સરસ લાગ્યો. તે ભગવાનનો ઉપદેશ હમેશાં સાંભળે.

એક વખત રાજા શુદ્ધોદને પોતાના પ્રધાન મંત્રીને ભગવાન પાસે મોકલ્યો. એક વખત પોતાનો પુત્ર કપિલવસ્તુમાં આવે, એવી રાજાની ઇચ્છા હતી. હવે તો એ એના પુત્ર રહ્યા ન હતા. ભગવાન બુદ્ધ નામે પ્રસિદ્ધ હતા. છતાં વૃદ્ધ રાજાનું દિલ તો પોતાના સિદ્ધાર્થ કુમારને જ ઝંખી રહ્યું હતું. રાજાએ મોકલેલો પ્રધાન મંત્રી આમંત્રણ આપવા તો આવ્યો, પણ ભગવાનનો ઉપદેશ સાંભળીને એ જ, સંસાર તજી બેઠો. એ ભિખ્ખુ થઈ ગયો.

રાજાને તો પ્રધાનમંત્રીના કાંઈ ખબર મળ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ. કપિલવસ્તુ રાજગૃહથી ઘણું દૂર, એટલે ખબર પણ કોણ લાવે ? એણે તો બીજા મંત્રીને મોકલ્યો.

એ પણ ગયો તે ગયો. એ પણ ભિક્ખુ થઈ ગયો.

આમ એક, બે, ત્રણ, એક પછી એક મંત્રી જાય. પણ કોઈ સમાચાર આપવા પાછો ન ફરે. ભગવાન-બુદ્ધની વાણીમાં એવી શક્તિ છે. એવી એની અસર છે. એવી એની સમજાવટ છે. છેવટે એક મંત્રી કાલ-ઉદાયી નામે ગયો. અને તેણે પોતાનું કામ બરાબર કર્યું.

એણે પણ પ્રવ્રજ્યા તો લીધી. એ ભિક્ખુ સંઘમાં પણ દાખલ થયો. પણ ભગવાનને કપિલવસ્તુ લઈ જવા માટે પોતે આવ્યો છે, એ વાત એણે યાદ રાખી.

એક વખત આ ઉદાયી સ્થવિર ફાગણ માસની પૂર્ણિમાની ચાંદની રાતે, ગાથાઓ બોલી રહ્યો હતો. રાજગૃહથી કપિલવસ્તુ સુધીના સુંદર હરિયાળા રસ્તાનું એ વર્ણન કરતો મોટેથી બોલતો હતો. ભગ-વાને એ જોઈને એને પૂછ્યું : 'ઉદાયી! શું છે કે તું આ રસ્તાને આટલા પ્રેમથી સંભારે છે ?'

એ વખતે ઉદાયીએ ભગવાનને, રાજા શુદ્ધોદનની વાત કરી. કપિલવસ્તુ જવાની વિનતી કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવાને એ વિનતી સ્વીકારી, ને કપિલવસ્તુ તરફ જવા માટે સંઘને તૈયાર કર્યો. ભગવાન પોતે જ્યાં રાજકુમાર તરીકે રહ્યા હતા, ત્યાં જવા નીકળ્યા.

બુદ્ધ ભગવાન કપિલવસ્તુમાં આવ્યા. રાજા શુદ્ધોદનને એ સમાચાર મળ્યા. નગરીમાં વાયુ વેગે સમાચાર ફેલાયા. રાજકુમાર સિદ્ધાર્થ આંહીં આવ્યા છે. આખી નગરી એને જોવા તળે ઉપર થઈ ગઈ. રાજા શુદ્ધોદન નગર બહાર પોતાના પુત્રને મળવા ગયા. રથમાંથી ઉતરીને એ એને મળવા ચાલ્યા.

ભગવાન બુદ્ધને જોઈને એ ગદ્‌ગદ્ થઈ ગયો. એના દિલમાં તો પોતાનો સિદ્ધાર્થ કુમાર ભિખ્ખુ થઇ ગયો છે, એ જ વાત રમે છે. પણ ભગવાનનો પ્રશાંત ચહેરો જોતાં એના દિલમાં નવો જ અનુભવ થઈ ગયો. કોઈ રીતે એ એનો સિદ્ધાર્થ કુમાર છે એ વાત એના માન્યામાં જ આવે નહિ. કોઈ મહાન પુરુષનું તેજ એ જોયા કરે. એણે પોતે ભગવાનના ચરણમાં મસ્તક નમાવીને પ્રણામ કર્યા.

અને ત્યારે જ એની સાથે આવેલા અસંખ્ય શાકયો સમજી શકયા કે કપિલવસ્તુનો આ રાજકુમાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે રાજકુમાર નથી.

એ તો અર્હંત છે. એણે દુનિયાનું શ્રેષ્ઠજ્ઞાન મેળવ્યું છે. એના એ જ્ઞાનની તોલે કાંઈ જ આવી ન શકે.

બીજે દિવસે ભગવાન તો નિયમ પ્રમાણે માટીનું વાસણ હાથમાં લઈને, પોતાની નગરીમાં ભિક્ષુ બનીને ભિક્ષા માગવા નીકળ્યા. લોકોનાં ટોળે ટોળાં એને જોવા મળે છે. કોઈ વાત સમજે છે. કોઈ વાત સમજતું નથી. કોઈને આ અદ્‌ભુત લાગે છે. કોઈને આ અજુકતું જણાય છે. પણ ભગવાન તો ઘેર ઘેર ભિક્ષાટન કરવા મંડ્યા.

રાજા શુદ્ધોદનથી આ જોયું જાતું નથી. તેણે આંહીં જ આ રાજકુમારને સોનાની પાલખીમાં ફરતો જોયો હતો. આજે એ જ ઘેર ઘેર ભિક્ષા માગે છે. એનું દિલ ગદ્‌ગદ્ થઈ જાય છે. તે જ વખતે રાહુલની માતાએ પણ એને કહ્યું: 'હે રાજા! તમારો પુત્ર આંહીં ભિક્ષાટન માટે ફરી રહેલ છે તે જુઓ!'

રાજા તો ગભરાઈને દોડ્યો. એને તો પોતાના રાજવંશનું ગૌરવ આમાં હણાતું લાગ્યું. તેણે કહ્યું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ભદ્દંત ! આંહીં આ ભિક્ષાટન શા માટે ? આંહીં તો તમે આજ્ઞા કરો, ધાન્યના ભંડાર ત્યાં સ્થાન પર આવી જશે ! આ તો આપણો ક્ષત્રિયનો કુલધર્મ પણ નથી.'

ભગવાને શાંતિથી કહ્યું : 'મહારાજ ! મારો તો આ જુગના જુગથી વંશધર્મ છે. તથાગતની તો એ પરંપરા છે. ભિક્ષાટન એ જ મારો તો કુલધર્મ છે.'

પછી રાજાએ ભગવાનને સંઘસમેત પોતાના મહાલયમાં નિમંત્રીને ભોજન આપ્યું.

મહાલયની તમામ રાજરાણીઓ ભગવાનને અભિવાદન કરવા આવી. જાણે આ બધાં જ સ્વજનો એ સ્વજનો નહિ, પણ અજ્ઞાન, દુઃખ, શોક, એમાં ડૂબેલાં માણસો હોય તેમ, ભગવાન એમને કરુણાથી નિહાળી રહ્યા. ને એમને ઉપદેશ આપ્યો.

પણ આ બધો વખત રાણી યશોધરા ક્યાં હતી ? એ આમાં ક્યાંય નજરે પડતી નથી.

બધા એને ભગવાન પાસે જવા માટે કહે છે. પણ એનો તો એક જ જવાબ છે : 'મારામાં ગુણ હશે, તો આર્યપુત્ર પોતે આંહીં આવશે. ગુણ નહિ હોય, તો નહિ આવે. આંહીં આર્યપુત્ર આવશે ત્યારે હું વંદના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરીશ.'

રાજા શુદ્ધોદન પોતે યશોધરાની વાત કહેતો ભગવાન પાસે બેઠો હતો. 'ભન્તે! યશોધરાએ સાંભળ્યું કે તમે કાષાય વસ્ત્ર ધારણ કર્યાં છે, એણે પણ ત્યારથી કાષાય વસ્ત્ર ધારણ કર્યાં. એણે સાંભળ્યું કે, એક વખત ભોજન લેવાય છે. એણે પણ એમ જ આદર્યું. એણે સાંભળ્યું કે નિરાહાર દિવસો ચાલે છે. એણે પણ ભોજન તજી દીધું. એવી આ યશોધરા દેવી છે.'

અને ભગવાન તથાગત પોતે પોતાના બે મહાન શિષ્યો સારિપુત્ર ને મૌદ્ગલ્યાયન સાથે પોતે યશોધરાના શયનાગાર તરફ ચાલ્યા.

રાણી યશોધરા તો, કાષાય વસ્ત્રમાં, પોતાના એક વખતના પ્રિય પતિને જોતાં, હૃદયફાટ રડી પડી. ઘડીભર આ નારીની પ્રેમહવાએ સૌનાં મનને દયાથી ભરી દીધાં. તમામની આંખમાંથી આંસુ ચાલી નીકળ્યાં. પણ જેણે 'માર' જેવા મારની સામે પોતાનું જુદ્ધ ખેલ્યું હતું, તે ભગવાન તો આ આંસુ, આ પ્રેમ, આ શોક, એ બધાંનો પાર પામી ગયા હતા. અચળ હિમાલય સમા એ અડગ ઊભા રહ્યા. પણ એમની ઉપદેશ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાણીમાં માનવ પ્રત્યેની એટલી કરુણા છલકાતી હતી કે બધાનાં મન એ સાંભળતાં શાંત થઈ ગયાં. ભગવાન બોલ્યા :

'કોઈકને જ આ મહાભાગ્ય મળે છે કે, લોકના કલ્યાણ માટે એ પોતાનું બધું જ છોડી શકે.

'એમ જે છોડે છે તે મહા ભાગ્યવાન છે. એમ છોડનારને જે સાથ આપે છે તે પણ મહાભાગ્યવાન છે. મોહ, રાગથી થાય છે. રાગ, અજ્ઞાનને લીધે આવે છે. માટે અજ્ઞાન તજો, અને બધું જ તમને આનંદમય જણાશે.'

કપિલવસ્તુમાં ત્યાર પછી તો જાણે સંસારત્યાગની સૌને લગની લાગી. મહાપ્રજાપતિ–માસીનો પુત્ર નંદ પણ ભિક્ખુ થઈ ગયો.

સાતમે દિવસે રાણી યશોધરાએ પોતાના પુત્ર રાહુલને વસ્ત્રાલંકાર પહેરાવીને શણગારીને તૈયાર કર્યો. એને કહ્યું કે 'બેટા! તારા પિતા પાસેથી તું તારો વારસો હવે લઈ આવ. એની પાસે સંસાર છોડતી વખતે નર્યું સોનું ભરેલા, ચાર મોટા કુંભ હતા. એ ક્યાં છે તે ત્યાર પછી કોઈએ જાણ્યું નથી. તું હવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજપદ મેળવશે. તારે ધનનો ખપ પડશે. પિતા પાસેથી એ ગુપ્ત ધનનો વારસો તું મેળવી આવ. તું કહેજે કે મને એ ગુપ્તધન બતાવો. મને મારી માએ મોકલ્યો છે!'

રાહુલ તો ભગવાન બુદ્ધ પાસે આવ્યો. ભગવાન બુદ્ધ એ વખતે રાજમહાલયમાં ભોજન માટે આવ્યા હતા. રાહુલે જઈને ભગવાનને અભિવાદન કર્યા. ભગવાન ભોજન આસન પરથી ઊઠયા કે તેણે પોતાનો વારસો આપવાની વાત કહી.

'મને એ ગુપ્તધનનો વારસો બતાવો, હે શ્રમણ! મારે એનો ખપ છે.'

ભગવાને એની આ વાણી સાંભળી. એને વારસો આપવાની વાત સાંભળી. પણ જે વારસો એ માગે છે તે તો નાશવંત છે. ભગવાને સારિપુત્રને કહ્યું: 'સારિપુત્ર, રાહુલને આપણો વારસો આપો. એને ભિક્ખુ-દીક્ષા આપો. આપણો તે એ વારસો છે!'

સાત વર્ષનો રાહુલ સૌથી નાનો ભિક્ખુ બનીને ત્યાં રહી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ દૃશ્ય તો રાજા શુદ્ધોદનથી હવે સહન થઈ શકયું નહિ. તેણે પોતાના સિદ્ધાર્થ કુમારને રાજ તજતાં જોયો. નંદને જોયો. હવે આ રાહુલને જોયો.

તેણે ભગવાન પાસે જઈને પોતાનું દુઃખ ઠાલવ્યું. ને ભગવાન પાસે વચન માગ્યું. હવેથી માતા-પિતાની રજા વિના કોઈને પ્રવ્રજ્યા ન અપાય.

માતાપિતાની રજા વિના કોઈને પણ સાધુ થવાની રજા નહિ મળે, એ વાત સંઘમાં જાહેર થઈ. પણ મહા-મૌદ્‌ગલ્યાયનનો નાનો શિષ્ય રાહુલ તો આનંદ અનુભવી રહ્યો હતો.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહા પરિનિર્વાણ

બુદ્ધ ભગવાને ત્યાર પછી વર્ષો સુધી લગભગ પિસ્તાળીશ વર્ષ સુધી, લોકમાં પોતાનો ઉપદેશ ફેલાવ્યો. એમનો ઉપદેશ એટલો સચોટ હતો કે હજારો માણસોએ એ ઉપદેશ સાંભળીને પોતાનાં જીવન ફેરવી નાખ્યાં. ઘણા ભિખ્ખુઓ થઈ ગયા. ઘણા દાનશીલ થઈ ગયા. ઘણા અભિમાન છોડીને સાદા જીવન તરફ વળ્યા. કપિલવસ્તુમાંથી અનેક રાજકુમારો આવ્યા હતા.

ભગવાન બુદ્ધે સત્યને સૌથી મહાન માન્યું હતું. જે ઉપદેશ લોકો જીવનમાં ઉતારે, એને જ એ સાચી વાત માનતા. માત્ર બોલવા માટે, વાદવિવાદ માટે કે અમસ્તી જ્ઞાનવાતો માટે સત્ય ન હોય. સત્ય, આચરવા માટે છે. એક જણો જે કામ કરે, તે દેખાદેખીથી બીજો કરે, એ વાતને, પણ એ નિરર્થક ગણતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વખતની વાત છે; પ્રવ્રજિત થવા માટે આ શાકય રાજકુમારોની સાથે એક ઉપાલિ નામનો હજામ પણ આવ્યો હતો.

આમાં કુમાર દેવદત્ત પણ હતો. આ દેવદત્ત એમનો કાકાનો દીકરો ભાઈ. એની સાથે તો પોતે સિદ્ધાર્થ કુમાર હતા, ત્યારે મોટી તકરાર થયેલી.

એક વખત એ ઉદ્યાનમાં ફરતા હતા. એવામાં એક હંસને કોઈનું તીર વાગ્યું. હંસ ઘાયલ થયો. સિદ્ધાર્થ કુમારે દોડીને એને પંપાળી ખોળામાં લીધો. ત્યાં જ તીર મારનારો આવી પહોંચ્યો. એ તીર મારનારો બીજો કોઈ નહિ, આ દેવદત્ત હતો. પછી બન્ને ભાઈઓ વચ્ચે તકરાર થઈ કે હંસ કોનો? દેવદત્ત કહે મેં શિકાર કર્યો છે, એટલે હંસ મારો. સિદ્ધાર્થ કહે મેં બચાવ્યો છે, માટે હંસ મારો.

તકરાર વધી પડી. વાત રાજસભામાં ગઈ. રાજસભામાં નિર્ણય થયો. મારનાર કરતાં બચાવનાર મોટો છે. હંસ એનો. એ દેવદત્ત પણ આ રાજકુમારોમાં પ્રવ્રજ્યા લેવા આવ્યોહતો.

હવે આ જે શાકય રાજકુમારો પ્રવ્રજિત થવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યા, તે મનના દોષ છોડયા વિના જો આવ્યા હોય, તો એ વાત નકામી હતી. શાકય લોકોમાં જાતિનું અભિમાન હતું. તે પોતાને ઘણા શ્રેષ્ઠ માનતા. આ રાજકુમારો પણ પોતાને શ્રેષ્ઠ ક્ષત્રિયો ગણતા. ને પેલા ઉપાલિ હજામને પોતાનાથી નીચો માનતા.

આ એમનું જાતિ માટેનું અભિમાન ભગવાને એક સુંદર પગલું લઈ ને શરૂઆતથી જ ટાળી નાખ્યું.

ભગવાનની મૂંગો ઉપદેશ આપવાની આ વાત સમજવા જેવી છે.

જયારે રાજકુમારો ને ઉપાલિ હજામ, બધા પ્રવ્રજ્યા માટે આવ્યા, ત્યારે ભગવાને સૌથી પહેલાં ઉપાલિ હજામને પ્રવ્રજ્યા આપી. 'આવ ભિક્ખુ!' એમ બોલીને એને સૌથી પહેલો ભિક્ખુ બનાવ્યો.

હવે ભિક્ખુઓમાં એક નિયમ હતો. જે વહેલો ભિક્ખુ થયો હોય, તે પોતાની પછી થનારા ભિક્ખુઓ માટે પૂજ્ય ગણાતો પછીથી ભિક્ખુ થનાર, પોતાની આગળ થયેલા ભિક્ખુને માન આપે. એમાં વયનો ભેદ ન ગણે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવાને ઉપાલિ હજામને પહેલી દીક્ષા આપી એટલે એ રાજકુમારો માટે માનને લાયક થયો. રાજકુમારો જાતિનો ગર્વ મનમાં રાખી રહ્યા હતા. પણ એમના એ ગર્વને, બુદ્ધ ભગવાને આવા મૂંગા ઉપદેશથી ટાળ્યો.

ભગવાનની ઉપદેશ આપવાની રીત અદ્ભુત હતી. તે માણસને પ્રશ્ન પૂછતા. ઉત્તર મેળવતા. અને એ રીતે માણસના અજ્ઞાનને, માણસ પોતે જોઈ શકે તેવું કરી દેતા. ત્યાર પછી એ સાચો ઉપદેશ દેતા.

એક વખતની વાત છે. એ વખતે ભગવાન તથાગતના જાણવામાં આવ્યું કે શાકય લોકો અને કોલિયલોકો વચ્ચે લડાઈ જાગે એવી વાત થઈ રહી છે.

પોતે શાકય હતા. શાકયની બહાદુરી એ જાણતા હતા. એ કોલિય લોકો પણ, એમના સંબંધી હતા. એ પણ બહાદુર હતા.

પણ ભગવાન બુદ્ધનો તો ઉપદેશ હતો, કે માણસ કેટલો બહાદુર છે, એ ખબર લડાઈથી ન પડે.

માણસ લડાઈ ન કરવાની સમજણ બતાવે, ત્યારે જાણવું કે એ બહાદુર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાકયલોકોની રાજધાની કપિલવસ્તુ. કોલિય-લોકોની રાજધાની કોલિય. એ બન્ને નગર વચ્ચે રોહિણી નદી. એ વખતે દુકાળ હતો. નદીનાં પાણી કોણ લ્યે, એની તકરાર હતી. ભગવાન તથાગત ત્યાં ગયા, ત્યારે એ તકરાર ખૂબ ઉગ્ર બની ગઈ હતી. હથિયારો ખખડતાં હતાં.

ભગવાને બન્ને નગરના રાજપુરુષોને બોલાવ્યા અને તેમને કહ્યું: 'રાજપુરુષો! આ તકરાર શા માટે છે?'

'તકરાર પાણી માટે છે ભગવાન! અમારે પાણી જોઈએ છે. સામાવાળાને પણ પાણી જોઈએ છે. બન્નેને પૂરું પડે તેટલું પાણી નથી.'

'ત્યારે પાણી ઘણું મૂલ્યવાન છે એમ તમે માનો છો કાં?'

'હા ભગવાન્! પાણી વિના તો અમારાં ધાન્ય ક્યાંથી પાકે? પાણી ઘણું મૂલ્યવાન છે.'

'અને થોડા દિવસ પછી જ્યારે વરસાદ આવશે ત્યારે આ પાણીનું શું મૂલ્ય હશે?'

'ત્યારે તો એનું કાંઈ જ મૂલ્ય નહિ!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એમ? ત્યારે તમે સમજો તો છો, કે આ પાણીનું વરસાદ પડયે કાંઈ જ મૂલ્ય નથી. પણ આ પાણી માટે થઈને તમે જે ક્ષત્રિયોનાં લોહી વહેવરાવવા તૈયાર થયા છો, તેનું કાંઈ મૂલ્ય ખરું?'

'હા ભગવાન! ક્ષત્રિયોનાં લોહી તો અમૂલ્ય. માણસ જેવો માણસ કાંઈ ફરી ફરીને મળે? એક વખત માણસ મરે તે કાંઈ પાછો આવે છે?'

'ત્યારે જે પાણીનું થોડા વખત પછી કાંઈ મૂલ્ય નથી, તેને માટે તમે માણસો જેવાં માણસોનાં લોહી વહેવરાવવા તૈયાર થયા છો, એ વાતમાં કાંઈક ગેર-સમજણ નથી? થોડો વખત અગવડતા વેઠીને એક બીજાને મદદરૂપ થવામાં બહાદુરી નથી? બહાદુરી શું લડવામાં જ છે? એકબીજાની વાતને શાંતિથી સમજવી એમાં બહાદુરી નથી, ને લડવું એમાં બહા-દુરી છે, એમ તમે માનો છો?'

ભગવાનની વાત કરવાની આ શાંત રીતે તો બન્નેને વિચારમાં મૂકી દીધા. એમને પોતાને જ લાગ્યું, આ તો આપણે અજ્ઞાનથી એકબીજાનાં ગળાં કાપવા તૈયાર થયા હતા. ને વાત હતી માત્ર પાણીની! પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમને ભગવાને કહ્યું: 'ક્ષત્રિય રાજકુમારો! જે વૈરીઓમાં અ–વૈરી રહે છે, તે સુખે જીવે છે. તમે પણ સુખે તો જીવશો, જો વૈરને મનમાંથી કાઢી નાખશો.'

કોલિય ને શાકય લોકો પોતાની ભૂલ સમજ્યા. ભગવાન બુદ્ધની વાણી આવી અસરકારક હતી.

આ સમયે કપિલવસ્તુમાં ભગવાન બુદ્ધ આવ્યા, એટલે મહા પ્રજાપતિ તેમની પાસે ગયાં. જઈને ભગવાનને વિનતિ કરી: 'ભગવાન! સ્ત્રીઓને પણ પ્રવ્રજ્યા લેવાની છૂટ આપો. સ્ત્રીઓને ભિક્ખુ સંઘમાં લ્યો.'

પણ ભગવાને ના પાડી. બીજી વખત વિજ્ઞપ્તિ કરી. બીજી વખત ના પાડી. ત્રીજી વખત કહ્યું. ભગવાને ત્રીજી વખત પણ ના પાડી.

પછી બુદ્ધ ભગવાન તો ધર્મચક્રપ્રવર્તન માટે ફરવા નીકળી પડયા. વૈશાલી નગરીમાં ગયા.

એ વૈશાલીમાં હતા, ત્યાં જ મહા પ્રજાપતિ ત્યાં આવ્યાં.

એમની સાથે બીજી રાજરાણીઓ છે. સૌને પ્રવ્રજ્યા લેવી છે. કપિલવસ્તુથી એ બધાં ચાલતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યાં છે. પગે સોજા ચડયા છે. શરીર ઉપર ધૂળના થર જામ્યા છે. એમણે કાષાય વસ્ત્રો ધારણ કર્યાં છે. શિશમૂંડન કરાવીને પોતાના કેશ પણ કઢાવી નાખ્યા છે.

એ બધી આવી હતી ભિખ્ખુ સંઘમાં દાખલ થવા. મહાપ્રજાપતિ અને આ બધી રાજરાણીઓ ત્યાં ભગવાનને દ્વારે આવીને ઊભી રહી.

હવે શું થાય? ભગવાન તથાગત સ્ત્રીઓને પ્રવ્રજ્યા આપવા માગતા નથી. સ્ત્રીઓ પ્રવ્રજ્યા લીધા વિના જવા માગતી નથી. સૌ વિચારમાં પડી ગયા. ભગવાન બુદ્ધના અંતેવાસી જેવો આનંદ, બન્ને વચ્ચે હેરાફેરા કરે છે. ભગવાન બુદ્ધે તો ના પાડી દીધી છે. સ્ત્રીઓને સંઘમાં ભેળવવાની એમની ના છે.

આનંદે કહ્યું: 'હે ભદ્દંત! જે સ્ત્રીઓ પોતાનાં ઘર પણ તજીને નીકળી પડી છે, એટલી જેમની સચ્ચાઈ છે, એમને શું જ્ઞાન ન મળે? ભિખ્ખુઓ જેટલી શક્તિ શું એમનામાં નથી?'

ભગવાને કહ્યું: 'સ્ત્રીઓ પણ જ્ઞાન મેળવી શકે આનંદ! અને એમનામાં પણ ભિખ્ખુઓ જેટલી જ શક્તિ છે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તો પછી ભગવાન ! આ મહા પ્રજાપતિ ગૌતમી છેક કપિલવસ્તુથી આંહીં આવેલ છે, એમને પ્રવ્રજ્યા શા માટે ન મળે ? વળી ભગવાનને એક વખત એમણે જ લાલનપાલનથી ઉછેરેલ છે. જ્ઞાનવારસો એમને કેમ ન મળે ? એમની સાથે બીજી પણ અનેક રાજવંશી નારીઓ છે. બધાંએ ઘર તજ્યાં છે. બધાંને ભગવાનનું શરણ લેવું છે.'

આનંદની આ વાતને ભગવાન બુદ્ધે વિચારી જોઈ. પછી સ્ત્રીઓને પણ પ્રવ્રજ્યા લેવાની છૂટ મળી. પણ અમુક આઠ નિયમો સ્ત્રીઓને ખાસ પાળવાના હતા.

આ પ્રમાણે મહાપ્રજાપતિ ગૌતમીએ સ્ત્રીઓને ભિક્ખુણીઓ થવાની છૂટ અપાવી.

ભગવાન બુદ્ધ ઉપદેશ આપવા માટે સ્થળે સ્થળે ફરવા જતા. વૈશાલી, રાજગૃહ, કુશીનારા, શ્રાવસ્તી, કૌશાંબી, કાશી, ચંપા, એમ એ બધે ફરતા રહેતા. સ્થળે સ્થળે એ ભિક્ખુઓના સંઘ સાથે જતા. અને સામાન્ય ભિક્ષુકની માફક પોતે ભિક્ષા માગવા નીકળતા. એમને ત્યાં રાજાઓ, શ્રેષ્ઠીઓ, બ્રાહ્મણો, સેનાપતિઓ, અને લફંગાઓ પણ આવતા. ભગવાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમામને ઉપદેશ આપતા. કોઈ કોઈ મશ્કરી કરવા પણ આવતા, પણ જે આવતા તે કાંઈને કાંઈ મેળવીને જતા.

એ વખતે એમના ઉપદેશથી જાણે કે હવા જ ફરી ગઈ હતી.

ધનસંગ્રહ કરીને વિલાસમાં પડયા રહેતા શ્રીમંતો, ધન સંગ્રહ તજીને, ભિખારી બનવામાં માન સમજવા મંડયા. દાન દેવા મંડયા, એકબીજાને મદદ કરવા લાગ્યા. વૈરથી વૈર ન શમે, એ વાત માણસો સમજવા મંડયા.

ભગવાને શ્રાવસ્તી નગરીમાં ઘણો વખત ગાળ્યો હતો. ત્યાંનો રાજા પ્રસેનજિત વારંવાર ભગવાન પાસે જતો. ત્યાંનો એક મહાન શ્રીમંત શ્રેષ્ઠી અનાથ-પિંડક નામે હતો. એક વખત એને વિચાર આવ્યો કે ભિખ્ખુઓ માટે ચોમાસામાં રહેવા જેવું હોય તો સારું. એણે ભિખ્ખુઓ માટે એક વિહાર બાંધવાનું નક્કી કર્યું.

રાજાનો ભાઈ જેતકુમાર નામે હતો. એની પાસે એક બહુ સુંદર વન હતું. એનું નામ જેતવન.

જેતવન જો મળે તો બહુ સુંદર વિહાર રચાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલા માટે અનાથપિંડક જેતકુમાર પાસે ગયો. જઈને પોતાના મનની વાત એને કહી:

જેતકુમારે કહ્યું: 'જેતવન તમને આપું, પણ એક શરતે!'

'શું શરત છે બોલો, કુમાર?

જેતકુમારે કહ્યું: 'જેતવનની ભૂમિને જો તમે સોનાથી ઢાંકી દો, તો એટલા સોનાના બદલામાં તમને જેતવન મળે!'

રાજકુમારની આ વાત સાંભળીને બીજા કોઈ માણસની કાં તો છાતી બેસી જાય, કાં એ ગુસ્સે થઈ જાય. પણ અનાથપિંડક શ્રેષ્ઠી તો મહા શ્રેષ્ઠી હતો. એણે તો આ સરત કબૂલ કરી લીધી. પછી જેતવનમાં એણે જેતવનવિહાર બંધાવ્યો. શ્રાવસ્તી નગરીમાં જેતવન વિહારમાં ભગવાન ઘણો વખત રહેતા.

આવી હવા તે વખતે ફેલાઈ ગઈ હતી. બુદ્ધ ભગવાનના નામનો એવો પ્રભાવ હતો. ભગવાનના આઠ મુખ્ય શિષ્યોમાં આ અનાથપિંડકનું નામ છે.

આમ વર્ષો જવા મંડયાં. હવે ભગવાન બુદ્ધને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવસ્થા જણાતી હતી. ભગવાનના સંઘમાં કપિલવસ્તુમાંથી જે રાજકુમારો દાખલ થયા, તેમાં બેનાં નામ ઘણાં પ્રસિદ્ધ થયાં છે. એ બન્ને સગા થતા હતા. એકનું નામ દેવદત્ત. બીજાનું નામ આનંદ.

આ બન્ને જણા એક જ દિવસે સંઘમાં ભળ્યા. એક જ હેતુથી ભળ્યા. છતાં વખત જતાં, એમાંથી દેવદત્ત ભારે ભયંકર નીકળ્યો. તો આનંદ, ભગવાનના પડછાયા જેવો પરમભક્ત નીકળ્યો.

આ દેવદત્તને પોતાને સંઘપતિ થવું હતું. એને એમ હતું કે હું ભગવાન બુદ્ધથી કમ નથી. એટલા માટે એ સંઘમાં કાંઇ ને કાંઈ ખટપટ કરતો રહેતો. એક વખત તો એણે ભગવાનને ઈજા પણ પહોંચાડી હતી. એનો ખોટો ઉપદેશ કેટલાક ભિખ્ખુઓને આડે રસ્તે પણ દોરતો. પણ ભગવાન બુદ્ધની પાસે તો એક જ સત્ય હતું. એક જ વાત હતી. વેરને, અવેરથી જીતો. અજ્ઞાનને, જ્ઞાનથી જીતો. માણસને, માનવતાથી જીતો.

એટલે દેવદત્તના કાવાદાવાને એમણે ગણકાર્યાં જ નહિ. એમની નિંદા પણ ચાલતી. પણ નિંદાને મૌનથી જીતો. વેરને અવેરથી જીતો, એ વસ્તુ એમણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનમાં ઉતારીને પછી જ એનો ઉપદેશ આપ્યો હતો. એમની આ શક્તિ કેવી અદ્‌ભુત હતી એની એક વાત છે.

એક વખત બુદ્ધ ભગવાનને આવીને કોઇએ ગાળો દીધી. ભગવાન તથાગત મૌન રહ્યા. ગાળો દેનારો થાકયો. જ્યારે એ ચાલતો થયો ત્યારે ભગવાને એને બોલાવ્યો: 'રે બ્રાહ્મણ! તું મને જે આપે, તે હું ન લઉં તો શું થાય?'

બ્રાહ્મણે સમજ્યા વિના જ ઉતાવળે આવેશથી જવાબ વાળ્યો: 'અરે! તું ન લે તો કાંઇ નહિ. મારી ચીજ હું પાછી લઇ જાઉં મારે ઘેર. મને ખપ લાગે.'

ભગવાને શાંતિથી કહ્યું: 'થયું ત્યારે, બ્રાહ્મણ! મારે એ જ કહેવાનું હતું! તું જે આપવા આવ્યો, તે મારે જોઇતું ન હતું, એટલે મેં નથી લીધું. એ તને ભલે રહો!'

અર્થ જ્યારે સમજાયો, ત્યારે એ શરમિંદો થઇને ભગવાનને ચરણે નમ્યો.

બીજાના દિલને સમજીને જ પગલું ભરવું, એ વાત ભિક્ખુ સંઘમાં ઊંડીઊંડી ઊતરી ગઇ હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવસ્થા જણાતી હતી. ભગવાનના સંઘમાં કપિલ-વસ્તુમાંથી જે રાજકુમારો દાખલ થયા, તેમાં બેનાં નામ ઘણાં પ્રસિદ્ધ થયાં છે. એ બન્ને સગા થતા હતા. એકનું નામ દેવદત્ત. બીજાનું નામ આનંદ.

આ બન્ને જણા એક જ દિવસે સંઘમાં ભળ્યા. એક જ હેતુથી ભળ્યા. છતાં વખત જતાં, એમાંથી દેવદત્ત ભારે ભયંકર નીકળ્યો. તો આનંદ, ભગવાનના પડછાયા જેવો પરમભક્ત નીકળ્યો.

આ દેવદત્તને પોતાને સંઘપતિ થવું હતું. એને એમ હતું કે હું ભગવાન બુદ્ધથી કમ નથી. એટલા માટે એ સંઘમાં કાંઇ ને કાંઈ ખટપટ કરતો રહેતો. એક વખત તો એણે ભગવાનને ઈજા પણ પહોંચાડી હતી. એનો ખોટો ઉપદેશ કેટલાક ભિખ્ખુઓને આડે રસ્તે પણ દોરતો. પણ ભગવાન બુદ્ધની પાસે તો એક જ સત્ય હતું. એક જ વાત હતી. વેરને, અવેરથી જીતો. અજ્ઞાનને, જ્ઞાનથી જીતો. માણસને, માનવતાથી જીતો.

એટલે દેવદત્તના કાવાદાવાને એમણે ગણકાર્યાં જ નહિ. એમની નિંદા પણ ચાલતી. પણ નિંદાને મૌનથી જીતો. વેરને અવેરથી જીતો, એ વસ્તુ એમણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનમાં ઉતારીને પછી જ એનો ઉપદેશ આપ્યો હતો. એમની આ શક્તિ કેવી અદ્‌ભુત હતી એની એક વાત છે.

એક વખત બુદ્ધ ભગવાનને આવીને કોઇએ ગાળો દીધી. ભગવાન તથાગત મૌન રહ્યા. ગાળો દેનારો થાકયો. જ્યારે એ ચાલતો થયો ત્યારે ભગવાને એને બોલાવ્યો: 'રે બ્રાહ્મણ! તું મને જે આપે, તે હું ન લઉં તો શું થાય?'

બ્રાહ્મણે સમજ્યા વિના જ ઉતાવળે આવેશથી જવાબ વાળ્યો: 'અરે! તું ન લે તો કાંઈ નહિ. મારી ચીજ હું પાછી લઇ જાઉં મારે ઘેર. મને ખપ લાગે.'

ભગવાને શાંતિથી કહ્યું: 'થયું ત્યારે, બ્રાહ્મણ! મારે એ જ કહેવાનું હતું! તું જે આપવા આવ્યો, તે મારે જોઈતું ન હતું, એટલે મેં નથી લીધું. એ તને ભલે રહો!'

અર્થ જ્યારે સમજાયો, ત્યારે એ શરમિંદો થઈને ભગવાનને ચરણે નમ્યો.

બીજાના દિલને સમજીને જ પગલું ભરવું, એ વાત ભિક્ષુ સંઘમાં ઊંડીઊંડી ઊતરી ગઈ હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વખત ભગવાને પોતે જ ભિખ્ખુઓને કહ્યું :

'ભિખ્ખુઓ ! હવે તમે તમારામાંથી કોઈ એક જણનું મારી સાથે સ્થાયી રહેવાનું ગોઠવો તો સારું. અત્યાર સુધી તો તમે આજ એક, તો કાલે બીજો, એમ રહેતા હતા. પણ હવે તથાગતની અવસ્થા થઇ છે. તથાગતને ચાલતાં થાક લાગે છે. કોઈ ભિખ્ખુને ટૂંકે રસ્તે જવાનું મન થાય છે. એ રસ્તો વધુ વિકટ હોય છે. એટલે થાકી જવાય છે. કોઇ કોઇ વખત તો ભિખ્ખુ પોટલું મૂકીને પોતાની પસંદગીને માર્ગે જાય છે, ને તથાગતને લાંબે રસ્તે એ ભાર વહેવો પડે છે. એટલે હવે તમારામાંથી કોઇ એક સ્થાયી માણસ મારી સાથે આવો !'

ભગવાનની વાણી સાંભળીને, સારિપુત્ર તે માટે તૈયાર થઇ ગયો. મૌદ્ગલ્યાયન પણ તૈયાર થયા. પણ ભગવાન પોતાના આ બન્ને મહાન શિષ્યોની શક્તિ જાણતા હતા. લોક ઉપદેશ માટે એ જતા રહે, એ વધારે જરૂરી હતું. પોતાની પાસે એ રહે તે ઠીક નહિ.

ભગવાને એમની વિનતી ન સ્વીકારી. સંઘ તરફ દૃષ્ટિ કરી. સૌની દૃષ્ટિ આનંદ તરફ પડી. પણ આનંદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો ત્યાં શાંત બેઠો હતો. એણે ઊભા થઇને પોતાની જાતે કાંઈ જ ન કહ્યું.

એણે એમ કેમ કર્યું હશે? શું એને બુદ્ધભગવાન ઉપર પ્રેમ નહિ હોય? એમના અંતેવાસી થવાનું મળે, એમની પાસે રહેવાનું મળે, એ એને ગમતું નહિ હોય?

ના, એવું કાંઈ ન હતું. પણ ભિક્ખુસંઘના હિત ખાતર એ મૂંગો રહ્યો હતો.

ભિક્ખુસંઘમાં ઘણા એવા હતા, જે આ સ્થાન પોતાને મળે એમ ઈચ્છી રહ્યા હતા. એમના મનમાં કોઈ રાગ દ્વેષ ન આવે, માટે આનંદ મૂંગો રહ્યો.

કારણ કે આ સ્થાન જેને મળે તેને ઘણા લાભ મળતા. તેને ભગવાન બુદ્ધ સાથે ભોજનનું નિમંત્રણ મળતું. ભગવાન બુદ્ધને કોઈ ઉત્તમ ચીવર અપે તો એ ચીવર એને મળતું. ભગવાન બુદ્ધના સુગંધીધર પાસે એને નિવાસ મળતો, એટલે ભગવાન બુદ્ધની પાસે રહેવા માટે ઘણા તૈયાર હતા. પોતાનો સ્વીકાર થાય કે ન થાય એ શંકાથી જ માત્ર શાંત હતા. એટલે જ આનંદે પોતે ઊભા થઇને વાત મૂકી નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજાને એમ થાય કે, આ વાત એણે પેલા લાભ લેવા માટે મૂકી છે.

પણ એ વખતે ભગવાને પોતે જ આનંદને કહ્યું: 'આનંદ! તથાગતને તું આ સ્થાન લે એ ગમે!'

આનંદે એ વખતે ઊભા થઈને બે હાથ જોડીને, એક સાચ્ચા ભિક્ખુની જેમ કહ્યું: 'ભગવાન! એ સ્થાન હું સ્વીકારું, પણ ભગવાને મને ચાર વાતની 'ના' કહેવાની છૂટ આપવી પડશે!'

ભિક્ખુઓનો સંઘ તો આ સાંભળી જ રહ્યો. ભગવાન મૌન રહ્યા. એટલે આનંદે વાત આગળ ચલાવી. આ ચાર વાતની હું ના પાડી શકું એટલી મને છૂટ મળવી જોઈએ. એક વાત તો એ કે ભગવાનને જે સુંદર વસ્ત્ર વગેરે મળે, તે ભગવાન મને ન આપે. બીજી વાત, ભગવાન સાથે મને નિમંત્રણ મળે તે મારે ન જોઈએ. ત્રીજી વાત ભગવાનની સાથે મને જે ભોજન મળે તે મને ન અપાય. ભગવાનના સુગંધ ઘર પાસે મારું રહેવાનું ન હોય.'

જે ચાર વાત મેળવવા માટે તો અનેકના દિલમાં ખટરાગ રહેતો હતો, તે ખટરાગને તદ્દન જ કાઢી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાખવા માટે, આનંદે આ વાત કરી હતી. ભિક્ખુ-ઓના સંઘમાં કોઈ પ્રકારે એકબીજાંનાં મન ઊંચાં ન થાય, એની આવી ઝીણવટભરી કાળજી આનંદ લઈ રહ્યો હતો. આનંદની આ વાત સાંભળીને સૌ છક્ક થઈ ગયા, પણ ભગવાન બુદ્ધે તેને પ્રેમથી કહ્યું: 'આનંદ! આજથી હવે તું જ તથાગતનો અંતેવાસી થાય છે!'

આનંદ અને ભગવાન તથાગત ત્યાર પછી બન્ને ઘણું ખરું સાથે જ રહે છે. ભગવાનનાં ઘણાં સુંદર જ્ઞાનવાક્યો આનંદે પોતાના દિલમાં રત્નોની જેમ જાળવ્યાં હતાં. ભગવાન આમ બોલ્યા હતા કે નહિ, એવી શંકા જ્યારે જ્યારે કોઈને થતી, ત્યારે ત્યારે એ આનંદને પૂછતા.

આનંદ સરસ જીવન જીવી ગયો. આજ પણ એનું એવું જીવન જીવવા જેવું લાગે છે. આપણને થાય કે કોઇ સાચા મહા પુરુષની છાયા મળી ગઈ હોય! એ કેવી સુખકારક હોય છે તેની ખાતરી આનંદનું જીવન કરાવે છે.

ભગવાન બુદ્ધની હવે અવસ્થા થઈ હતી. એમનું વય લગભગ એંશીએ પહોંચ્યું હતું. હવે શરીર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિર્બળ જણાતું હતું. પિસ્તાળીશ પિસ્તાળીશ વર્ષ સુધી એમણે લોક માટે જ્ઞાનની નદી વહેવરાવી હતી.

આ વખને ભગવાનના મહાધર્મસેનાપતિ જેવા, એમના જમણા હાથ સમા, સારિપુત્ર અને મૌદ્ગલ્યાયન બન્ને પરિનિર્વાણ પામ્યા. બન્ને ભગવાનની પહેલાં ચાલી નીકળ્યા. એ વખતે ભગવાન તથાગતને બધે શૂન્યકાર જેવું લાગ્યું. 'ભિક્ખુઓ! મને આપણી સભા હવે શૂન્ય જેવી લાગે છે. બધું જ નાશવંત છે. નાશ ન હો, એમ આંહીં કહી શકાતું નથી. સારિપુત્ર ને મૌદ્ગલ્યાયન હવે ક્યાં મળે ભિક્ખુઓ? જે કાંઈ જન્મે છે, તે નાશ પામે છે. એટલા માટે તમે તમારા આધાર બનો. તમારો આત્મદીપ જ તમને રસ્તો બતાવે. શોક શમાવે. જ્ઞાન જન્માવે. ભિક્ખુઓ! તમે તમારા આત્મદીપ બનો.'

ભગવાન જ્યારે રાજગૃહમાં હતા ત્યારે રાજા બિંબિસારનો પુત્ર અજાતશત્રુ એને મળવા આવ્યો હતો. એ અજાતશત્રુએ પોતાના પિતાને હણી નાખ્યા હતા. એને તો ભગવાનની પાસેથી જાણવું હતું. એને વૈશાલી નગરી જીતી લેવી હતી. વૈશાલીના વજ્જિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકો બળવાન હતા. અજાતશત્રુ, એનું કેટલું બળ છે, એ જાણવા માગતો હતો. એણે એટલા માટે પોતાના મંત્રી વર્ષકારને ભગવાન પાસે મોકલ્યો. એ વખતે ભગવાને એને જે ઉત્તર આપ્યો, તે ઘણો સુંદર છે. વજ્જિલોક કેટલા બળવાન છે એવી કોઈ વાત એને કહી જ નહિ. પણ પોતે આનંદ સાથે વાત કરતા હોય તેમ વાત કરતા રહ્યા. એમાંથી બ્રાહ્મણમંત્રીને એનો ઉત્તર મળી ગયો. ભગવાન બોલ્યા: 'ભો આનંદ! મેં સાંભળ્યું છે કે વજ્જિલોક બરાબર સભા ભરે છે. બરાબર ભેગા થાય છે. બરાબર સંપ રાખે છે?'

આનંદ કહે: 'હા ભગવાન! એમ તો મેં સાંભળ્યું છે!'

'તો તો આનંદ! જ્યાં સુધી વજ્જિલોક ભેગા મળે, ભેગા બેસે, એક સંપ રાખે, ત્યાં સુધી એમની હાનિ ન હોય!'

ભગવાને આવી રીતે જવાબ વાળ્યો અને મંત્રી સમજી ગયો. ભગવાન પછી વૈશાલી ગયા. નર્તિકા આમ્રપાલીના વનનો સ્વીકાર ત્યારે કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી ભગવાન બુદ્ધ, વિહાર કરતા કરતા કુસીનારા જવા નીકળ્યા. ભગવાન બુદ્ધે ત્યારે આનંદને કહ્યું: 'આનંદ! વૈશાલીનું આ છેલ્લું દર્શન છે!'

ફરતા ફરતા ભગવાન પાવામાં આવ્યા. ત્યાં એક લુહાર ચુન્દ રહે. તેના આમ્રવનમાં એ ઊતર્યા.

લુહાર ચુન્દને ખબર પડી કે ભગવાન મારા આમ્રવનમાં આવ્યા છે, એટલે એ તો દોડતો ત્યાં આવ્યો. ત્યાં અભિવાદન કરીને એક બાજુ બેઠો. ધર્મકથા સાંભળી રહ્યો.

જ્યારે ધર્મકથા પૂરી થઇ ત્યારે એણે ભગવાનને નમીને કહ્યું: 'કાલે ભગવાન મારે ત્યાં ભિક્ખુસંઘ સહિત ભોજન માટે આવે!'

ભગવાને મૌન રહીને તેનું નિમંત્રણ સ્વીકાર્યું.

ચુંદે તો બિચારે પ્રેમથી ભગવાન માટે ભોજન તૈયાર કર્યું. પણ કોણ જાણે શું થયું, ભગવાનબુદ્ધનું એ છેલ્લું ભોજન હતું.

ચુંદને ત્યાં ભોજન લીધા પછી બુદ્ધભગવાનને ઘણી પીડા થવા માંડી. આનંદને બોલાવ્યો: 'આનંદ! ચાલો, આપણે કુસિનારા જઈએ!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસ્તામાં જ આનંદને કહ્યું: 'આનંદ! મારે માટે તું આંહીં આ વૃક્ષ નીચે કાંઈક પાથરી દે. ઓશીકું ઉત્તર તરફ રાખજે. મારે આંહીં સૂવું છે!'

પછી ભગવાન ત્યાં જમણે પડખે થોડીવાર સૂતા રહ્યા.

ભગવાનની આ સ્થિતિ જોઈને આનંદ શોકમગ્ન થઈ ગયો. ભગવાન ત્યાં સૂતા છે. પોતે થોડે દૂર ઝાડ નીચે ઊભો છે. આંખમાંથી અશ્રુની ધારા ચાલી જાય છે. ભગવાનના શરીર ઉપર પડતાં અનેક પ્રકારનાં ફૂલો આનંદને વધારે શોક આપે છે. એને થાય છે, આ ફૂલ ભગવાનને માથે કેમ પડતાં હશે? ફૂલછોડોનો એ છેલ્લો અભિષેક તો નહિ હોય?

ભગવાને આનંદ પાસે પાણી માગ્યું. ત્યાંથી થોડે જ દૂર કકુત્થા નદી વહેતી હતી. પણ એમાંથી હમણાં જ પાંચસો ગાડાં ચાલ્યાં હતાં, એટલે પાણી ડહોળું હતું.

એટલે થોડીવાર પછી આનંદ ગયો ને પાણી લાવ્યો.

એ વખતે ત્યાંથી આલારકાલામનો એક શિષ્ય નીકળ્યો. તેનું નામ પુક્કુસ. તેણે ભગવાનને અભિ-

पुस्तकालय
गुरुकुल कांगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાદન કર્યાં, અને બે સોનેરી વસ્ત્ર ભેટ ધર્યાં. તે પછી એ ગયો.

એણે આપેલાં વસ્ત્રોનો ચળકાટ થોડીવારમાં જ ઝાંખો પડવા મંડયો.

આનંદ એ જોઈ જ રહ્યો.

ભગવાને કહ્યું: 'આનંદ! આવું ત્યારે બને છે જ્યારે તથાગત નિર્વાણ પામવાના હોય છે.

'આજ રાતે, પાછલી રાતે, આનંદ! તથાગત નિર્વાણ પામશે! હવે આપણે નદી કકુત્થા તરફ ચાલો.'

કકુત્થા નદીએ પહોંચીને ભગવાન નાહ્યા. પાણી પીધું. અને પાસેના એક આમ્રવન તરફ ગયા. એક પગ બીજાના ઉપર ચડાવીને સિંહની જેમ એ જમણે પડખે સૂતા. ક્યારે જાગવું ને છેલ્લાં વિદાય–વાક્યો કહેવાં, એનો વિચાર કરતા એ શાંત સૂતા રહ્યા.

ભગવાન જાગ્યા. વિદાય વેળાના શબ્દો બોલવાની તૈયારી કરી. એ શબ્દોની પાછળ જે કરુણા દેખાય છે તે અદ્‌ભુત છે. ભગવાનનાં કરુણાભર્યાં નેત્રો શબ્દોમાં બેઠેલાં લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવાનને લાગ્યું કે ચુન્દ લુહારને ત્યાં છેલ્લું ભોજન લીધું ને આ બન્યું. ચુન્દને બિચારાને બધા પિંખી નાખશે. એને ફિટકાર આપશે. એને ધિક્કારશે. એના તરફની કરુણાથી પ્રેરાઈને ભગવાને આનંદને કહ્યું: 'આનંદ! ચુન્દ માટે બધા કાંઈની કાંઈ વાત કહેશે. પણ તું ચુન્દ લુહારને કહેજે 'તારું જ પરમ-ભાગ્ય હતું કે તથાગતનું છેલ્લું ભોજન તારે ત્યાં થયું. અને એ નિર્વાણ પામ્યા. આનંદ! તું એને કહેજે કે તથાગતના પોતાના શબ્દો મેં સાંભળ્યા છે કે, ચુન્દના ભોજન તોલે કોઇ ભોજન ન આવે. એની ભિક્ષા તોલે કોઈ ભિક્ષા ન આવે. આ બે ભોજન તો તથાગતને હમેશાં યાદ રહ્યાં છે. એક સુજાતાનું ક્ષીર ભોજન. બીજું ચુન્દનું આ ઉત્તમ ભોજન.'

પછી એક બીજી હિરણ્યવતી નામે નદી ઓળંગી-ને કુસીનારાના સાલવન તરફ ભગવાન ગયા.

ભગવાન ત્યાં સૂતા. એ વખતે જાણે હવામાં સુગંધી આવતી જણાઈ. દૂર દૂરનાં ફૂલો આવી ભગ-વાન ઉપર અભિષેક કરતાં લાગ્યાં. કોઇક સંગીત સંભળાતું લાગ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આનંદે ભગવાનને પ્રશ્નો પૂછવા માંડયા.

ભગવાને એના પ્રશ્નોના ઉત્તર પણ આપ્યા, અને પછી એ શાંત રહ્યા.

આનંદનું હૈયું હવે હાથ ન રહ્યું. જેની સાથે પડછાયાની માફક રાત દિવસ રહ્યો હતો, જેની મહાન કરુણા એ પળે પળે ને શબ્દે શબ્દે અનુભવતો હતો, તે ભગવાન બુદ્ધ હવે આ ધરતી ઉપર નહિ હોય એ વિચારે એના હૃદયને આઘાત થયો. તે રોવા મંડયો. આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં. મોટેથી બોલવા પણ માંડયો: 'અરેરે! અરેરે! હવે અમારું કોણ? અમને કોણ દોરશે? સંઘને કોણ સાચવશે?'

ભગવાન બુધ્ધે અતિ કરુણાથી પૂછયું: 'આનંદ ક્યાં છે? એને બોલાવો.' આનંદને બોલાવરાવ્યો. નાના બાળકની જેમ એને રોતો જોયો. પોતે અત્યંત શાંત અવાજમાં બોલ્યા: 'આનંદ! મેં તને કહ્યું નથી, આંહીં કોઈ જ હમેશને માટે રહી શકે નહિ. વસ્તુ તમામ નાશવંત છે. જે આવે તે જાય એવો નિયમ છે. રો મા, આનંદ! રો મા. શોક તજી દે. મેં તને પહેલેથી નથી કહ્યું, સઘળી પ્રિય વસ્તુનો વિયોગ થવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ છે. આનંદ ! તેં વર્ષો સુધી તથાગતની સેવા કરી છે. એવું ક્યાંય કોઈ કાળે થવાનું છે, આનંદ! કે જે આવે તે ન જાય? જન્મ ને મરણ બે ભાઈ છે. એ બન્ને સાથે રહે છે.'

ભગવાનના શબ્દોથી કાંઈક આશ્વાસન પામીને આનંદ શાંત ઊભો રહ્યો. પછી તેણે બે હાથ જોડીને કહ્યું: 'ભગવાન ! કોઈ મોટા નગરમાં દેહ છોડવાનું ન બને ? આ કુશીનારાને કોઈ જાણતું પણ નથી !'

ભગવાને કહ્યું: 'આ સ્થળે જ એક વખત મહાન નગરી હતી. આજ ત્યાં નાનું ગામડું છે. તથાગતના નિર્વાણ માટે આ બરાબર છે !'

પછી ભગવાને આનંદનો શોક ભુલાવવા માટે એને કહ્યું. 'હવે તું કુશિનારામાં જઈને મલ્લ લોકોને ખબર કર. આજે પાછલી રાત્રે ભગવાન નિર્વાણ પામવાના છે. ચાલો સૌ ચાલો !'

પછી આનંદ કુશિનારામાં ગયો. ને થોડીવારમાં જ સેંકડો મનુષ્યોથી ઘેરાઈને ભગવાન બુદ્ધ ત્યાં શાંત સૂતા રહ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ વખતે એક પરિવ્રાજક આવ્યો. એનું નામ સુભદ્ર. એના મનમાં કોઈક શંકા હતી. ભગવાન તથાગતને એ શંકા પૂછવી હતી. તેણે સાંભળ્યું કે ભગવાન આજ તો પરિનિર્વાણ પામવાના છે. એટલે એ દોડયો ત્યાં આવ્યો. પરંતુ ભગવાન શાંત સૂતા હતા. આસપાસ બધા શાંત બેઠા હતા. શોકમગ્ન આનંદ એક તરફ ઊભો હતો.

તેણે આનંદને કહ્યું: 'મારે એક શંકા ભગવાનને પૂછવી છે!'

આનંદે એને પાસે જવા દેવાની ના પાડી, અને કહ્યું: 'અરે! ભલા માણસ! અત્યારે હવે શંકા? ભગવાન તો જઈ રહ્યા છે!'

એટલામાં ધીમો, શાંત, સ્વસ્થ શબ્દ સંભળાયો:

'પણ આનંદ! તથાગત હજી ગયા નથી. સુભદ્રને આવવા દે!'

સુભદ્રે ભગવાનને જે શંકા પૂછી ને એનો ભગવાને જે ઉત્તર વાળ્યો તેથી એ એટલો તો આનંદ પામી ગયો કે એણે ત્યાં ને ત્યાં પ્રવ્રજ્યા લીધી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવાન તથાગતે એ છેલ્લી પ્રવ્રજ્યા આપી.

પછી ભગવાને આનંદને કહ્યું : 'આનંદ ! કોઈને કાંઈ પણ શંકા હોય તો હજી પૂછે.'

આખી ભિક્ખુ સભા ગમગીનીમાં પડી ગઈ. કોઈ કાંઈ બોલી શકયું નહિ. ભગવાન તથાગતે ફરીવાર પણ એ જ કહ્યું. ત્રીજી વાર કહ્યું. કોઈ કાંઈ બોલ્યું નહિ. પછી ભગવાને છેલ્લી વિદાય વાણી કહી: 'ભિક્ખુઓ! હું વિદાય લઉં છું. દરેક પદાર્થ નાશવંત છે. અનિત્ય છે, મુક્ત થવાનો પ્રયત્ન કરો, ખરેખરી મનસચ્ચાઈથી પ્રયત્ન કરો.'

ભગવાન ત્યાર પછી આંખો મીંચી ગયા.

ભગવાન બુદ્ધના આ છેલ્લા શબ્દો હતા : 'મનની સચ્ચાઇથી મુક્ત થવા પ્રયત્ન કરો !'

કહે છે કે એ વખતે ધરતીકંપ થયો. આકાશ ફાડતો એક મહાન ગડગડાટ થયો.

ભગવાન તથાગત પરિનિર્વાણ પામ્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધમ્મપદમાંથી

આકાશે ના, સમુદ્રે ના, ના 'થવા પર્વતે ખીણે,
દુનિયામાં નહિ ક્યાંઇ, શાંતિ દુર્જને દિલે.

કટુવાણી કહેવી ના, ના કહ્યે, સુણવી મટે,
વેદના ક્રોધ સંયુક્તા, વાણી સર્પસમી ડસે.

એકે પાપ ના કરવું, વર્ત્તવું કુશલે સદા,
મનને રાખવું ચોખ્ખું, એ કહ્યું બુદ્ધ શાસને.

સો વર્ષો રાગ ને મોહે, જીવતાં, જીવવું નહિ,
માત્ર દિ એક નિઃરાગે, જીવંતાં જીવવું બને.

વેરી એ ના ખરો વેરી, નિંદા પણ, નિંદા નહિ,
કુમાર્ગે જે ગયું ચિત્ત, મહા વેરી જ એ સહિ.

મધુ લ્યે મધમાખીઓ, ના અડે, રંગ સુગંધને,
ચિત્ત સાધુ તણું એમ, વિચરે છે જનમંડળે.

રાત તો દીર્ઘ ચોકીની, થાકયાનો માર્ગ દીર્ઘ છે,
પરંતુ સત્ય ના શોધે, મૂર્ખપંથ સુદીર્ઘ છે.

વૈરથી વેર ના શમતું, કો કાલે, ને કો સ્થલે,
વેરને શમવા માટે, પ્રેમધર્મ પુરાતન!

ચિંતવ્યું જે તે, થયો પ્રાણી, શુદ્ધ જો વાણી કર્મમાં,
શાંતિ નિત્યે રહે સાથે, છાયા જેમ જ વસ્તુમાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી. 'ધૂમકેતુ'ની 'યુગદર્શન ગ્રંથમાળા'

તણખા મંડળ પહેલું	૩–૮
તણખા મંડળ બીજું	૩–૦
તણખા મંડળ ત્રીજું	૩–૦
તણખા મંડળ ચોથું	૪–૦
પ્રદીપ	૩–૦
આકાશદીપ	૩–૦
અવશેષ	૨–૮
પરિશેષ	૩–૦
ત્રિભેટો	૩–૦
અનામિકા	૩–૦
વનછાયા	૩–૦
વનરેખા	૩–૦
સુવર્ણરેખા	૩–૦
મલ્લિકા	૩–૦
પ્રતિબિંબ	૩–૦
જલદીપ	૩–૦
વનકુંજ	૩–૦
વનવેણુ	૩–૦
ઇતિહાસની તેજમૂર્તિઓ	૨–૮
મેઘબિંદુ	૩–૦
તેજબિંદુ	૩–૦
તુષારબિંદુ	૩–૦
રાજમુગટ	૩–૦
પૃથ્વીશ	૩–૮
અજિતા	૪–૮
પરાજય	૪–૮
વાતાયન	૨–૮
રજકણ	૩–૦
પદ્મરેણુ	૩–૦
ઠંડી ફરતા (નાટકો)	૧–૮
પમદંડી	૩–૦
જીવનપંથ [આપકથા]	૪–૮
હેમચંદ્રાચાર્ય	૨–૮
ચૌલુક્ય ગ્રંથાવલી	
વાચિનીદેવી	૪–૮
અજિત ભીમદેવ	૪–૮
ચૌલાદેવી	૪–૮
રાજસંન્યાસી	૪–૮
કર્ણાવતી	૪–૮
રાજકન્યા	૪–૮
જયસિંહ સિદ્ધરાજ	૪–૮
[બર્બરકજિષ્ણુ]	
,, ત્રિભુવનગંડ	૪–૮
અવંતીનાથ સિદ્ધરાજ	૪–૮
ગુર્જરેશ્વર કુમારપાલ	૪–૮
રાજર્ષિ કુમારપાલ	૪–૮
નાયિકાદેવી	૪–૮
રાય કરણ ઘેલો	૪–૮
ગુપ્તયુગગ્રંથાવલી	
આમ્રપાલી	૪–૦
વૈશાલી (નવલકથા)	૪–૮
મગધપતિ	૪–૮
મહાઅમાત્ય ચાણક્ય	૪–૮
ચંદ્રગુપ્ત મૌર્ય	૪–૮
રુદ્રશરણ	૪–૦
પડઘા	૦–૧૨
પડછાયા	૧–૪
વીર વનરાજ	૧–૦
એકલવ્ય	૦–૧૨
નેપોલિયન	૦–૮
પરશુરામ	૦–૮
લુએનસંગ	૦–૮

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય : ગાંધી રસ્તો : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

શારદા મુદ્રણાલય : અમદાવાદ.